વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ ચૌદસ • તારીખ : ૧૨ નવેમ્બર ૨૦૨૩, રવિવાર • વર્ષ : ૧૫ • અંક : ૧૦૮
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ • અમદાવાદ • કિંમત : રૂા. ૨.૦૦ • પાના : ૮

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

હેપ્પી દિવાળી નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### ગાઝામાં હોસ્પિટલ બહાર ચાલી રહી છે સારવાર

# નેતન્યાહૂએ કહ્યું : વિશ્વએ હમાસની કરવી જોઈએ નિંદા

## ગાઝામાં અલ-શિફા, અલ-કુદ્સ, અલ-રાંતિસી અને ઇન્ડોનેશિયન હોસ્પિટલો જેવી મુખ્ય આરોગ્ય સુવિધાઓની બહાર ઇઝરાયેલી ટેન્ક જોવા મળી હતી

। નવી દિલ્હી, તા.૧૧ ।

મધ્ય પૂર્વમાં ચાલી રહેલ યુદ્ધ અટકવાના સંકેત દેખાઈ રહ્યા નથી. આજે (૧૧ નવેમ્બર) ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધનો ૩૫મો દિવસ છે. એક મહિનાથી વધુ સમયથી ચાલી રહેલા આ યુદ્ધને કારણે હજારો લોકોના જીવ ગયા છે. ગાઝા પટ્ટી પર ઈઝરાયેલનો બોમ્બમારો બંધ થઈ રહ્યો નથી. શુક્રવારે ગાઝા પટ્ટીના ઉત્તરીય ભાગમાં અનેક સ્થળોએ વિસ્ફોટ નોંધાયા હતા. વિસ્ફોટોનો પડઘો ઘણી હોસ્પિટલોની બહાર પણ સંભળાયો હતો. તે જ સમયે, ગાઝાના હજારો લોકોએ દક્ષિણ તરફ આગળ વધવાનું ચાલુ રાખ્યું છે. ઈઝરાયેલે કહ્યું છે કે તે ઉત્તરી ગાઝામાં તેના ગ્રાઉન્ડ ઓપરેશન પર દરરોજ ચાર કલાકનો વિરામ લગાવશે, જેથી અહીં ફસાયેલા લોકોને બહાર જવાની તક મળી શકે. આ યુદ્ધને કારણે સમગ્ર વિશ્વમાં ઈઝરાયલ વિરુદ્ધ પ્રદર્શનો શરૂ થઈ ગયા છે. યુદ્ધ રોકવા માટે તેના પર સતત દબાણ પણ કરવામાં આવી રહ્યું છે. આવી સ્થિતિમાં, ચાલો જાણીએ



કે ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં અત્યાર સુધીના મુખ્ય અપડેટ્સ શું છે. ઈઝરાયેલે ૭ ઓક્ટોબરે થયેલા હુમલામાં માર્યા ગયેલા લોકોની સંખ્યામાં ફેરફાર કર્યો છે. પહેલા એવું કહેવામાં આવી રહ્યું હતું કે ૧૪૦૦ લોકોના મોત થયા હતા, પરંતુ હવે તેને બદલીને ૧૨૦૦ કરી દેવામાં આવ્યા છે. તે જ સમયે, ગાઝામાં બોમ્બ વિસ્ફોટમાં અત્યાર સુધીમાં ૧૧,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે, જેમાં ૪૫૦૦ થી વધુ બાળકોનો સમાવેશ થાય છે. ગાઝામાં અલ-શિફા, અલ-કુદ્સ, અલ-રાંતિસી અને ઈન્ડોનેશિયન હોસ્પિટલો જેવી મુખ્ય આરોગ્ય સુવિધાઓની બહાર ઈઝરાયેલી ટેંક જોવા મળી હતી. હોસ્પિટલની નજીક અને અંદર વિસ્ફોટનો અવાજ પણ સંભળાયો છે. ઈઝરાયેલનું કહેવું છે કે હમાસ પાસે હોસ્પિટલોની નીચે ટનલ છે, પરંતુ હમાસે આ વાતને નકારી કાઢી છે. અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકને ગાઝામાં ઈઝરાયેલના બોમ્બમારાથી માર્યા ગયેલા પેલેસ્ટાઈનીઓ પર ઈઝરાયલને ઘેર્યું છે. તેણે કહ્યું છે કે અત્યાર સુધીમાં ઘણા પેલેસ્ટિનિયનોના મોત થયા છે. આ પહેલીવાર છે કે જ્યારે અમેરિકા દ્વારા ઈઝરાયેલને આ રીતે પ્રશ્નના ઘેરામાં મૂકવામાં આવ્યું હોય. સંયુક્ત રાષ્ટ્રની એક એજન્સીએ કહ્યું છે કે ગાઝામાં ૪૫ ટકા મકાનો ધ્વસ્ત થઈ ગયા છે. બે લાખ લોકો એવા છે જેમની પાસે હવે રહેવા માટે છત નથી. સૌથી વધુ નુકસાન ઉત્તરી ગાઝાને થયું છે, જ્યાં પટ્ટીના સૌથી મોટા શહેરો આવેલા છે. ઈઝરાયેલ તરફથી ગાઝા પર સતત બોમ્બ ફેંકવામાં આવી રહ્યા છે.

## તહેવાર નિમિત્તે પાવાગઢ મંદિરના દર્શનના સમયમાં ફેરફાર કરાયો

। પાવાગઢ, તા.૧૧ ।

દિવાળીને લઈને પાવાગઢ મંદિરના દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. મહત્વનું છે કે, દિવાળીના તહેવારો વચ્ચે મોટી સંખ્યામાં માઈભક્તો માતાજીના દર્શન કરવા પાવાગઢ જતા હોય છે. આ તરફ હવે દિવાળીના તહેવારને લઈ પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. જો તમે પણ પાવાગઢ દર્શન કરવા જવાના હોય તો આ સમાચાર તમારી માટે છે. યાત્રાધામ પાવાગઢમાં દિવાળીના તહેવારો દરમિયાન એટલે કે આજથી ૧૫ નવેમ્બર સુધી મંદિર દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. વિગતો મુજબ દિવાળીના તહેવાર નિમિત્તે સવારે ૫ વાગ્યે મંદિર ખુલશે. મહત્વનું છે કે, આજથી ૧૫ નવેમ્બર સુધી મંદિર સવારે ૫ વાગ્યે ખુલશે.

નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ
નવુ વર્ષ આપ સર્વે માટે યશસ્વી, પ્રગતિમય તથા નીરોગી રહે તેવી શુભેચ્છા
શ્રી નિલેશ એન. મહેતા તથા સમસ્ત પરિવાર
મોટા બજાર - સંતરામપુર

દિવાળી/નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ
શ્રી કૃષ્ણ સ્વીટસ્ એન્ડ ફરસાણ
રતલામી સેવ, મિક્ષ ચવાણું, ભાખરવડી, ગાંઠિયા, ખાખરા, શુદ્ધ ઘીની સોનપાપડી
પ્રો. હેમંત વી. દરજી મો. ૯૪૨૯૦૫૪૯૯૩ મેઈન બજાર સંતરામપુર
મીત પાન પેલેસ એન્ડ કોલ્ડ્રિંક્સ
મીઠા પાન, કોલ્ડ્રિંક્સ, બેકરીની આઇટમ
પ્રો. બિપિન વી. દરજી મો. ૯૪૨૭૩૮૫૮૩૦ મેઈન બજાર સંતરામપુર

### દિવાળી વિશેષ

આપણે વર્ષ દરમિયાન અનેક ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય તહેવારો ઊજવીએ છીએ. દિવાળી આપણો સૌથી મોટો તહેવાર છે. તે 'તહેવારોનો રાજા' કહેવાય છે. દિવાળી આસો મહિનામાં આવે છે. આસો માસ શરૂ થતાં લોકો દિવાળીની તૈયારી કરવા લાગે છે. લોકો તેમનાં ઘરોની સાફસફાઈ કરે છે, રંગરોગાન કરાવે હું દિવાળીના દિવસોમાં દુકાનો અને મકાનો પર રાતે રોશની કરવામાં આવે છે. લોકો નવાં કપડાં, ફટાકડા, મીઠાઈ વગેરેની ખરીદી કરવા માટે બજારમાં ઊમટી પડે છે. દિવાળીનો તહેવાર પાંચ દિવસનો છેઃ ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ. ધનતેરસના દિવસે લક્ષ્મીપૂજન કરવામાં આવે છે. કાળીચૌદસના દિવસે શ્રીકૃષ્ણે નરકાસુર નામના રાક્ષસનો વધ કર્યો હતો. તેની ખુશાલીમાં લોકો દીપમાળા પ્રગટાવે છે.

HAPPY DIPAWALI AND HAPPY NEW YEAR
colars
clothing "n" more
Parth Lachhwani 94281 46346
/colors.ac.in
Nr. Chhaya Studio, Nava bazar, Santrampur

નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ
નવુ વર્ષ આપ સર્વે માટે યશસ્વી, પ્રગતિમય તથા નીરોગી રહે તેવી શુભેચ્છા



શ્રી અમરીશભાઈ આર. પંચાલ તથા સમસ્ત પરિવાર
મોરા તા. મોરવા હડફ ડિરેક્ટર
ધી સંતરામપુર અર્બન કો. ઓપ બેન્ક લી. સંતરામપુર

હેપ્પી દિવાળી

**નોંધ**

દિવાળી પર્વ નિમિત્તે ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત કાર્યાલય તારીખ ૧૨-૧૧-૨૦૨૩થી ૧૭-૧૧-૨૦૨૩ સુધી સંપૂર્ણ બંધ રહેશે. તે દરેક વાંચક મિત્રોને અને પત્રકાર મિત્રોએ નોંધ લેવી.

લિ. તંત્રી

"નૂતન વર્ષાભિનંદન"
મનોજ લાઈનીંગ એન્ડ ફર્નીશીંગ
સોફા બનાવનાર + રીપેરીંગ કરનાર
બાયપાસ રોડ, મનપસંદ ફુટવેરની સામે, સંતરામપુર

સર્વે ભવંતુ સુખિન : સર્વે સંતુ નિરામયા //
દીપાવલીમાં શુભ પર્વ નિમિત્તે આજે આપણે સૌ રાષ્ટ્રને સમર્પિત થઈને પ્રજાના હૃદયમાં રાષ્ટ્રવાદના દીપ પ્રગટાવીએ અને ભારતવર્ષને સનાતન સંસ્કારના ઉજાસથી તેજોમય કરીએ. નવા વર્ષે આપણી સભ્યતા, સંસ્કૃતિ અને સાંસ્કૃતિક ચેતનાને અંતરમનમાં પ્રગટાવીને સમગ્ર વિશ્વને સુખ, શાંતિ અને સમૃદ્ધિથી ઝળહળતું કરીએ એવી માં વિદ્યાદેવી સરસ્વતીને અતઃકરણની પ્રાર્થના.
નૂતન વર્ષાભિનંદન



ડો. કુબેરભાઈ ડીંડોર
મંત્રી
આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ
ગુજરાત સરકાર

નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ
VIJAY Orthopadic Hospital
વિજય ઓર્થોપેડીક હોસ્પિટલ અને ફિઝીયોથેરાપી સેન્ટર
ઉપલબ્ધ સુવિધાઓ:
■ દરેક પ્રકારના સામાન્ય તેમજ જટિલ ફ્રેકચરની આધુનિક પધ્ધતિથી સારવાર.
■ ખૂબ જ ઓછા વાઢકાપ વાળી સર્જરી.
■ તમામ પ્રકારના હાડકાં અને સાંધાના રોગોની સારવાર.
■ જન્મજાત ખોડ-ખાંપણ, બાળકોના હાડકાંના રોગોની સારવાર.
■ ઘૂંટણ અને થાપાના સાંધા બદલવાના ઓપરેશન.
■ મણકા, ગાદી તથા કમર ને લગતા તમામ રોગોની સારવાર તથા ઓપરેશન.
■ દૂરબીન ની મદદથી સાંધાના સ્નાયુઓની આધુનિક સારવાર(Arthroscopy).
■ Digital X-Ray Machine તથા અધ્યતન સુવિધાઓ વાળું ઓપરેશન થિએટર.



ડૉ. વિજય ડી.કામોલ
એમ.એસ.ઓર્થો.
હાડકાંના રોગોના નિષ્ણાંત
Ex.ઓર્થોપેડિક સર્જન સિવિલ (ઝાયડસ) હોસ્પિટલ,દાહોદ.
ડૉ. કામિની વી.કામોલ
એમ.પી.ટી.ઓર્થો..
Ex.કન્સલ્ટન્ટ ફિઝીયોથેરાપીસ્ટ
સિવિલ (ઝાયડસ) હોસ્પિટલ,દાહોદ.
OPD Time:
સોમ થી શનિ,
સવારે 10:00 થી 2:00,
સાંજે 5:00 થી 7:00
મારુતિ-સુઝુકી શો-રૂમ (R.B.cars) ની સામે, કોલેજ રોડ, સંતરામપુર, જી.મહીસાગર.

### અમદાવાદમાં ઓવરસ્પીડે વધુ એક અકસ્માત સર્જ્યો

# BRTS રૂટમાં કાર અથડાતા બોનેટના બોલ્યા ભુક્કા

## આ પૂરપાટ ઝડપે દોડીને અકસ્માત સર્જનારી કાર છે, જેનાથી જોઇ શકાય છે કે, આ કારનું પાસિંગ અન્ય રાજ્યનું છે

| અમદાવાદ, તા.૧૧ |

શહેરના બોપલ વિસ્તારમાં ધનતેરસની મોડી રાતે એક અકસ્માત સર્જાયો છે. બોપલમાં એક કાળા રંગની કારે મ્ર્ઈ્જી રૂટની રેલિંગ પર કાર ઘુસાડી દીધી હતી. જે બાદ ચાલક પોતાની મોંઘીદાટ કાર મુકીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. સદનસીબે આ અકસ્માતમાં કોઈને જાનહાની થયાના સમાચાર હજી સુધી નથી મળ્યા. બોપલ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, વાહનોની પૂરપાટ ઝડપથી ફરી એકવાર અકસ્માત સર્જાયો છે. શહેરના બોપલ વિસ્તારમાં આવેલા બીઆરટીએસ રૂટમાંથી એક કાળા રંગની કાર પૂરપાટ ઝડપે જઈ રહી હતી. જેની સ્પીડને કારણે ચાલકે બીઆરટીએસની રેલિંગમાં જ કાર અથડાવી દીધી છે. આ અકસ્માતને



કારણે કારના આગળના ભાગના રેલિંગ સાથે અથડાઈને ભુક્કા બોલી ગયા છે. જ્યારે મજબૂત રેલિંગ પણ તૂટી ગઈ છે. આ પૂરપાટ ઝડપે દોડીને અકસ્માત સર્જનારી કાર છે. જેનાથી જોઈ શકાય છે કે, આ કારનું પાસિંગ અન્ય રાજ્યનું છે. આ અકસ્માત બાદ લોકોના ટોળેટોળા ત્યાં પહોંચી ગયા હતા. મોટી સંખ્યામાં લોકો ત્યાં આવીને આ કારને જોઈ રહ્યા હતા. આ અકસ્માત ધનતેરસની રાતે થયો છે. આ અંગે પોલીસ આસપાસના સીસીટીવી કેમેરાની પણ મદદ લઈ શકે છે. બુધવારે રાતે પણ ઓવર સ્પીડના કારણે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમા બે લોકોના મોત નીપજ્યા હતા. ગોદરા હાઈવે પર કાર અચાનક ઓવર સ્પીડમાં ટ્રક પાછળ ધડાકાભેર અથડાઈ હતી. જેમાં બે લોકોના મોત થયા છે. પોલીસે આપેલી માહિતી અનુસાર, મૃતકોની ઓળખ રવિરાજ સિંહ (૩૨) અને દેહરાજ સિંહ (૨૨) તરીકે થઈ છે. જેઓ કારમાં આગળ બેઠેલા હતા અને ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. કારના અન્ય બે મુસાફરોને ઈજાઓ પહોંચી હતી અને તેમને અમદાવાદની સોલા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

### ઓજસ્વી ફાઉન્ડેશનના હવાલા કાંડમાં મોટો ખુલાસો

# ૧૫૦ કરોડ રૂપિયા હવાલાથી વિદેશ મોકલાયા હોવાનું સામે આવ્યુ છે

## ઇડીના દરોડા દેશભરમાં ચાલી રહ્યાં છે અને ઠેકઠેકાણેથી ઇડીની તપાસમાં મોટા કૌભાંડ અને બેનામી હિસાબો જપ્ત કરવામાં આવી રહ્યાં છે

| સુરત, તા.૧૧ |

ઈડીના દરોડા દેશભરમાં ચાલી રહ્યાં છે, અને ઠેકઠેકાણેથી ઈડીની તપાસમાં મોટા કૌભાંડ અને બેનામી હિસાબો જપ્ત કરવામાં આવી રહ્યાં છે. આ મુદ્દે હવે સુરતમાં પણ ઈડીએ બેનામી સંપતિ ધારકો પર કમર કસી છે. સુરતમાં ઓજસ્વી ફાઉન્ડેશન હવાલા કાંડમાં તપાસમાં વધુ એક મોટો ખુલાસો થયો છે, ઈડી તપાસમાં ઓજસ્વી ફાઉન્ડેશન હવાલા કાંડમાં ૧૫૦ કરોડનો હવાલો મોકલ્યો હોવાનું સામે આવ્યુ છે, ગેરકાયદે ટ્રેડિંગ સાથે ફોરેક્સમાં ૮૫૦૦ લોકોને લાલચ અપાઈ છે. હવે ઓજસ્વી ફાઉન્ડેશન સાથે સંકળાયેલા લોકોની ધરપકડ કરવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે, ઓજસ્વી ફાઉન્ડેશન હવાલા કાંડ મામલે મોટો ખુલાસો સામે આવ્યો છે.

ઈડીના સર્ચ ઓપરેશનમાં ૧૫૦ કરોડ હવાલાથી મોકલ્યાનો ખુલાસો થયો છે. અહીં ફૉરેક્સમાં ૮૫૦૦ લોકોને લાલચ અપાઈ હતી અને સાથે સાથે ગેરકાયદે ટ્રેડિંગ થતુ હોવાનું પણ મળ્યું હતુ. એન્ફૉર્સમેન્ટ ડિરેક્ટૉરેટ દ્વારા હાથ ધરાયેલા આ સર્ચ ઓપરેશનમાં ઈડીએ ઓજસ્વી ફાઉન્ડેશનથી નવા નવા મોટા ખુલાસો થઈ રહ્યાં છે. ફૉરેક્સ ટ્રેડિંગના ઓથા હેઠળ ગેરકાયદે પ્રવૃત્તિ કરીને ૧૫૦ કરોડ હવાલા મારફતે વિદેશ મોકલાયા હોવાનો પણ ખુલાસો થયો છે.

આ ઉપરાંત ૮૫૦૦ લોકોને ફૉરેક્સ ટ્રેડિંગમાં રૂપિયા રોકવાની લાલચ પણ આપી અને આ કેસમાં ઢગલાબંધ ડૉક્યુમેન્ટ જપ્ત કરાયા છે. હવે ઓજસ્વી ફાઉન્ડેશન સાથે સંકળાયેલા લોકોની ધરપકડ થશે. સુરત શહેરમાં ઈડીના દરોડા પડ્યા હતા. મળતી જાણકારી અનુસાર, શહેરના ઓજસ્વી ફાઉન્ડેશનના સંચાલકોએ ફોરેક્સ ટ્રેડિંગમાં આરબીઆઈના નિયમોનું ઉલ્લંઘન કરીને હવાલાથી નાણા વિદેશ મોકલ્યા હોવાના આધારે સાત જગ્યા પર ઈડીએ તપાસ શરૂ કરી હતી. આ તપાસમાં અત્યાર સુધીમાં એક કરોડથી વધુની રકમ જપ્ત પણ કરવામાં આવી હોવાની વિગતો મળી છે. ડુમસ રોડ પર આવેલ ધ મોન્ટેસામાં આવેલ ઓજસ્વી ફાઉન્ડેશન ફાયનાન્સ, એજ્યુકેશન, ફોરેક્સ ટ્રેડિંગ, ટ્રાવેલ, એન્ટરટેઈનમેન્ટ અને હોટલ અને રેસ્ટોરન્ટ સાથે સંકળાયેલી સંસ્થા છે. આ સંસ્થા ઘણા સમયથી ફોરેક્સ ટ્રેડિંગની આડમાં હવાલાથી નાણા વિદેશ મોકલતા હોવાનું ઈડીને ધ્યાને આવ્યુ હતુ.

ઓજસ્વી ફાઉન્ડેશનના સંચાલકોએ હવાલાથી નાણા મોકલવા માટે શહેરની બે આંગડીયા પેઢીની મદદ લીધી હોવાનો ખુલાસો થયો છે. જેમાં એચવી અને પીએમ આંગડીયા પેઢીના નામ ખુલતા ઈડીએ આ બંન્ને પેઢીમાં પણ તપાસ કરી હતી. તપાસમાં એક આંગડીયા પેઢીમાંથી રોકડા ૭૫ લાખ જપ્ત કરવામાં આવ્યા છે. આ નાણા ઓજસ્વી ફાઉન્ડેશનના સંચાલકોએ




વિદેશ મોકલવા માટે આપ્યા હોવાની આશંકાના આધારે ઈડીએ હાલ તો રોકડ રકમ જપ્ત કરીને નાણા ક્યાંથી આવ્યા અને કોને મોકલવાના છે તેની તપાસ શરૂ કરી છે. આગામી દિવસોમાં આ પ્રકરણમાં કેટલાક અન્ય લોકોના પણ નામ ખુલવાની શક્યતા છે. વરાછા અને કતારગામની આંગડિયા પેઢીમાં કરાયેલી તપાસની પુરતી વિગતો હજી આવી નથી. કહેવાય છે કે આ આંગડિયા પેઢી પણ હવાલાથી રૂપિયા મોકલવાના કારસ્તાનમાં સંડોવાયેલી છે.

લાંબા સમય બાદ સુરત ઈડી મોટું ઓપરેશન શરૂ કર્યું છે. નોંધનીય છે કે આ મહિનાની શરૂઆતમાં અમદાવાદમાં કેટલાક બિલ્ડરો પર ઈક્મટેક્સ વિભાગના દરોડા પડ્યા હતા. સાયન્સ સિટી અને હાઈકોર્ટ નજીકની ઓફિસો પર સર્ચ અને સર્વે હાથ ધરાયો હતો. આઈટી વિભાગના ૧૫૦થી વધુ અધિકારીઓએ સર્ચ હાથ ધર્યું હતું. ત્રિકમ પટેલ અને અનિલ પટેલ શિપરમ ગ્રૂપના માલિકો છે. અવિરત ગ્રૂપ પર પણ IT વિભાગે દરોડા પાડ્યા હતા. ઓગણજ સાયન્સ સીટી વિસ્તારમાં આવેલ શિપરમ પરિસરની મુખ્ય ઓફિસ ખાતે ઈક્મટેક્સ વિભાગની ટીમો ત્રાટકી હતી. ત્રિકમ પટેલ અને અનિલ પટેલ શિપરમ ગ્રુપના માલિકો છે.

જેમની અલગ અલગ કન્સ્ટ્રક્શન સાઈટ અને ઓફિસ ઉપર સર્વે અને સર્ચ કરવામાં આવ્યું હતું. શિપરમ ગ્રુપ સાથે અવિરત ગ્રુપ ઉપર પણ ઈક્મટેક્સ વિભાગના દરોડા પાડવામાં આવ્યા હતા. અલગ અલગ ૨૫ જેટલા સ્થળોએ શરૂ કરવામાં આવેલી તપાસમાં ઈક્મટેક્સ વિભાગના ૧૫૦ જેટલા અધિકારીઓ સર્ચ ઓપરેશનમાં જોડાયા હતા. રાજકોટમાં જીએસટી બોગસ બિલિંગ કૌભાંડને લઈ જીએસટી વિભાગે તપાસ હાથ ધરી હતી. રાજકોટના સોની બજારમાં VP જવેલર્સ સીલ મારવામાં આવ્યું હતું. જ્યારે પારેખ બુલિયનમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. ૧ હજાર ૪૭૬ કરોડથી વધુના બોગસ બિલિંગ કૌભાંડ મામલે કાર્યવાહી કરવામાં આવી હતી.

### પરણીતાએ ત્રાસથી કંટાળી અગ્નિસ્નાન કર્યું

# પતિના મામી સાથેના આડાસંબંધની જાણ થતા પત્નીએ કર્યું ન કરવાનું કામ

## મામીજી સાથેના આડા સંબંધના કારણે પતિ અને મામીજી તથા તેના બે પુત્રોએ મારકુટ કરી ત્રાસ ગુજાર્યાની મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ છે

| જામનગર, તા.૧૧ |

શહેરની એક પરણીતાએ પોતાના પતિ અને મામીજી સાથેના આડા સંબંધના કારણે મારકૂટ સહિતના ત્રાસથી કંટાળી અગ્નિસ્નાન કર્યુ છે. મામીજી સાથેના આડા સંબંધના કારણે પતિ અને મામીજી તથા તેના બે પુત્રોએ મારકુટ કરી ત્રાસ ગુજાર્યાની મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે. જામનગરના ગોકુલ નગર સત્યસાંઈ વિસ્તારમાં રહેતી એક પરણીતાએ પોતાના પતિ અને મામીજી સાથેનાઅનૈતિક સંબંધોના કારણે તેમજ તેઓની મારકુટ સહિતના ત્રાસના કારણે જિંદગીથી તંગ આવી જઈ અગ્નિ સ્નાન કરી લેતાં તેણીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ છે. જ્યાં પોલીસે તેણીના નિવેદનના આધારે પતિ- મામીજી અને તેના બે પુત્રો સામે ત્રાસ અંગે મહિલા પોલીસ દ્વારા ગુનો પણ નોંધવામાં આવ્યો છે. જામનગરના ગોકુલ નગરના સત્યસાઈ વિસ્તારમાં રહેતી વૈશાલીબેન કિશોરભાઈ રાઠોડ નામની ૨૮ વર્ષની પરણીતાએ પોતાના ઘેર શરીરે કપાસિયાનું તેલ છાંટી અગ્નિસ્નાન કરી લેતાં દાઝી જવાથી તેણીને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

### પોલીસ બેડામાં શોકનો માહોલ

# મહિલા હેલ્પ લાઈનમાં ફરજ બજાવતા મહિલા પોલીસ કર્મચારીનું મોત

## મૃતક મહિલા એએસઆઇ ડાયાબિટીસ અને પેટના દુખાવાથી પીડિત હતા, મહિલા પોલીસના મોતથી પોલીસ બેડામાં શોકનો માહોલ છવાઈ ગયો છે

| તાપી, તા.૧૧ |

તાપી જિલ્લા ૧૮૧ મહિલા હેલ્પ લાઈનમાં ફરજ બજાવતા મહિલા પોલીસ કર્મચારીનું મોત થયું છે. વ્યારા સ્થિત પોલીસ લાઈનમાં રેહતા જયશ્રીબેન પટેલ પોતાના ઘરની બેઠક રૂમમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. વ્યારા પોલીસે



અગમ્ય કારણોસર મોત નિપજ્યું હોવાની ફરિયાદ લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મૃતક મહિલા એએસઆઈ ડાયાબિટીસ અને પેટ ના દુખાવાથી પીડિત હતા. મહિલા પોલીસના મોતથી પોલીસ બેડામાં શોકનો માહોલ છવાઈ ગયો છે. થોડા દિવસ પહેલા પાટણના સમી-રાધનપુર હાઈવે પર બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ૩ લોકોના ઘટના સ્થળે જ મૃત્યુ થયા હતા. આ દુર્ઘટનામાં અન્ય ૯ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. તો આ અકસ્માતમાં મહિલા પોલીસકર્મી રેખાબેન અને તેમનાં પતિનું મોત થયું હતું. તો ૧ બાળકનું પણ કરુણ મોત નિપજ્યું હતું. જ્યારે બીજી કારમાં સવાર ૯ લોકોને નાની-મોટી ઈજાઓ થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. તાપી પોલીસમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીને અકસ્માત નડ્યો હતો. વ્યારા-માંડવી રોડ પર રામપુરા નજીક બોલેરો અડફેટે બાઈક સવાર પોલીસ કર્મચારી સતીષભાઈ ચૌધરીને અકસ્માત નડ્યો હતો. તેમને ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલ ખસેડાયા હતા.

### બેવડી ઋતુ અને પ્રદૂષણના કારણે રોગચાળો વકર્યો

# અમદાવાદ શહેરમાં શરદી, ખાંસી અને વાયરલ ઈન્ફેક્શનના કેસમાં વધારો

## ૧ હજાર ૨૭૩ કેસ નોંધાયા હતા આમ ૧૫ દિવસના અરસામાં તાવ, ખાંસી અને વાયરલના ૨ હજાર ૭૦૬ દર્દીઓને સારવાર આપવી પડી છે

| અમદાવાદ, તા.૧૧ |

અમદાવાદમાં શરદી, ખાંસી અને વાયરલ ઈન્ફેક્શનના કેસમાં વધારો નોંધાયો છે. સોલા સિવિલ હોસ્પિટલમાં એક અઠવાડિયામાં વાયરલ ઈન્ફેક્શનના ૧ હજાર ૪૩૩ દર્દીઓને સારવાર આપવી પડી છે. ગત સપ્તાહે ૧ હજાર ૨૭૩ કેસ નોંધાયા હતા. આમ ૧૫ દિવસના અરસામાં તાવ, ખાંસી અને વાયરલના ૨ હજાર ૭૦૬ દર્દીઓને સારવાર આપવી પડી છે. ગુજરાતમાં શિયાળીની શરુઆત થઈ રહી છે. જો કે હાલમાં સવારમાં જ થોડી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે અને બપોરે લોકોને ગરમીનો સામનો કરવો પડે છે. ત્યારે આવી બેવડી ઋતુ વચ્ચે લોકોને ગંભીર બીમારીઓનો પણ સામનો કરવો પડી રહ્યો છે. અમદાવાદમાં બેવડી ઋતુ અને પ્રદૂષણના કારણે રોગચાળો વકર્યો છે. અમદાવાદમાં શરદી, ખાંસી અને વાયરલ ઈન્ફેક્શનના કેસમાં વધારો નોંધાયો છે. સોલા સિવિલ હોસ્પિટલમાં એક અઠવાડિયામાં વાયરલ ઈન્ફેક્શનના ૧ હજાર ૪૩૩ દર્દીઓને સારવાર આપવી પડી છે. ગત સપ્તાહે ૧ હજાર ૨૭૩ કેસ નોંધાયા હતા. આમ ૧૫ દિવસના અરસામાં તાવ, ખાંસી અને વાયરલના ૨ હજાર ૭૦૬ દર્દીઓને સારવાર આપવી પડી છે.સોલામાં અત્યારે રોજના અંદાજે ૧ હજાર ૫૦૦ જેટલા દર્દીઓને સારવાર આપવી પડે છે. સૂત્રો પ્રમાણે, છેલ્લા સપ્તાહે ડેન્ગ્યુના કેસમાં સામાન્ય ઘટાડો થયો છે.















### અફઘાનિસ્તાનનો દ.આફ્રિકા સામે રસાકસી બાદ પરાજય

# વન-ડે વર્લ્ડ કપની એક એડિશનમાં અફઘાન માટે રાશિદ ખાને સૌથી વધુ વિકેટ લીધી હતી



। નવીદિલ્હી, તા.૧૧ ।

સાઉથ આફ્રિકા અને અફઘાનિસ્તાન વચ્ચે ગઈકાલે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની ૪૨મી મેચ રમાઈ હતી. અફઘાનિસ્તાનને આ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ અફઘાનિસ્તાનના બોલર રાશિદ ખાને ગઈકાલે રમાયેલી મેચમાં ઈતિહાસ રચી દીધો હતી. તે અફગાનિસ્તાન માટે વન-ડે વર્લ્ડ કપના એક એડિશનમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની ગયો છે. રાશિદ ખાન પહેલા આ રેકોર્ડ અફઘાનિસ્તાનના ફાસ્ટ બોલર શાપૂર ઝાદરાન અને ઓલરાઉન્ડર મોહમ્મદ નબીના નામે હતો. અફઘાનિસ્તાનના ફાસ્ટ બોલર શાપૂર ઝાદરાને વન-ડે વર્લ્ડ કપ૨૦૧૫માં ૧૦ વિકેટ અને ઓલરાઉન્ડર મોહમ્મદ નબીએ વન-ડે વર્લ્ડ કપ૨૦૧૯માં ૧૦ વિકેટ ઝડપી હતી. હવે રાશિદ ખાને વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં ૧૧ વિકેટ ઝડપી આ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે.

સાઉથ આફ્રિકા સામે રમાયેલી મેચમાં રાશિદ ખાને હેનરિક ક્લાસેનને બોલ્ડ કરી આ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. રાશિદ ખાન-૧૧ વિકેટ, વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩, શાપૂર ઝદરાન- ૧૦ વિકેટ, વન-ડે World Cup૨૦૧૫, મોહમ્મદ નબી-૧૦ વિકેટ, વન-ડે વર્લ્ડ કપ૨૦૧૯, ગુલબદિન નાયબ-૦૯ વિકેટ, વન-ડે વર્લ્ડ કપ૨૦૧૯.

### અફઘાનિસ્તાનની ટીમમાંથી ચોંકાવનારા સમાચાર

## અફઘાનના પેસ બોલર નવીન ઉલ હક્કે વનડે ક્રિકેટમાંથી નિવૃત્તી લીધી

### તેણે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં અફઘાનિસ્તાનની અંતિમ મેચ સમાપ્ત થયા પછી આ જાણકારી આપી

। નવી દિલ્હી, તા.૧૧ ।

સાઉથ આફ્રિકા અને અફઘાનિસ્તાન વચ્ચે ગઈકાલે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ૪૨મી મેચ રમાઈ હતી. આ મેચમાં અફઘાનિસ્તાનને હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ હવે અફઘાનિસ્તાન ટીમમાંથી એક ચોંકાવનારા સમાચાર આવ્યા છે. અફઘાનિસ્તાનના ફાસ્ટ બોલર નવીન ઉલ હકે વનડે



ક્રિકેટથી સન્યાસ લઈ લીધો છે. તેણે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં અફઘાનિસ્તાનની અંતિમ મેચ સમાપ્ત થયા પછી આ જાણકારી આપી હતી. નવીન ઉલ હકે ગઈકાલે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ દ્વારા પોતાની નિવૃત્તિની જાહેરાત કરી હતી. આ પોસ્ટ બાદ એ સ્પષ્ટ થઇ ગયું છે કે તે હવે વનડે ક્રિકેટમાં અફઘાનિસ્તાનની જર્સીમાં ફરી જોવા નહીં મળે. નવીને વન-ડે વર્લ્ડ કપપહેલા જ પોતાની નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી. તેણે ૨૭ સેપ્ટેમ્બરના રોજ કહ્યું હતું કે તે વર્લ્ડ કપ પછી વનડે ક્રિકેટથી નિવૃત્ત થઈ જશે. તે હવે અફઘાનિસ્તાન માટે માત્ર ટી૨૦આઈ રમશે. નવીન ઉલ હક માત્ર ૨૪ વર્ષનો છે. તેણે અફઘાનિસ્તાન માટે ૧૫ વનડે મેચ રમી છે. આ દરમિયાન તેણે ૩૨.૧૮ની એવરેજ અને ૬.૧૫ના ઈકોનોમી રેટ સાથે ૨૨ વિકેટ ઝડપી છે.

### રાઉઝ એવેન્યુ કોર્ટે દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમને રાહત આપી

## મનિષ સિસોદિયાને તેની બિમાર પત્નીને મળવા કોર્ટે મંજૂરી આપી

### કોર્ટે મનીષ સિસોદિયાને પત્નીને પાંચ દિવસ મળવા માટે મંજૂરી ન આપી

। નવી દિલ્હી, તા.૧૧ ।

દિવાળીના અવસર પર દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાને રાઉઝ એવેન્યુ કોર્ટે પોતાની બીમાર પત્નીને મળવાની મંજૂરી આપી છે. ત્યારબાદ દિલ્હી પોલીસ આજે તેમને સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે તેમના ઘરે લઈને આવી હતી. કોર્ટે સિસોદિયાને પત્નીને મળવા માટે ૧૦ વાગ્યાથી ૪ વાગ્યા સુધી એટલે કે, ૬ કલાકનો સમય આપ્યો હતો. સિસોદિયા તેમની પત્ની સાથે તે ઘરમાં મુલાકાત કરી રહ્યા છે જે હવે દિલ્હી સરકાર દ્વારા આતિશીને સત્તાવાર રીતે ફાળવવામાં આવ્યું છે. આ જ સરકારી આવાસ અગાઉ તત્કાલિન મંત્રી સિસોદિયાને ફાળવવામાં આવ્યું હતું.દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં ધરપકડ કરવામાં આવેલ દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાને તેમની બીમાર પત્નીને મળવા માટે આજે છ કલાકનો સમય આપવામાં આવ્યો છે. મીટિંગ દરમિયાન તેઓ પોલીસ કસ્ટડીમાં રહેશે. વિશેષ ન્યાયાધીશ એમકે નાગપાલે પોલીસ કસ્ટડીમાં રહેલા સિસોદિયાને શનિવારે સવારે ૧૦ થી સાંજના ૪ વાગ્યાની વચ્ચે તેની







બીમાર પત્નીને તેમના ઘરે મળવાની મંજૂરી આપી છે. તેમણે પાંચ દિવસ સુધી તેમની બીમાર પત્નીને મળવાની પરવાનગી માંગી હતી. પરંતુ રાઉઝ એવેન્યુ કોર્ટે મનીષ સિસોદિયાને તેમની બીમાર પત્નીને ૫ દિવસ સુધી મળવાની પરવાનગી આપી નથી.

### ભાજપે મધ્ય પ્રદેશ માટે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો

## મધ્યપ્રદેશમાં ગ્રેજ્યુએશન સુધી મફત શિક્ષણનું છોકરીઓને ભાજપનું વચન

### સત્તારુઢ પાર્ટીએ ઘઉંની ખરીદી ૨૭૦૦ રૂપિયા અને ધાનની ખરીદી ૩,૧૦૦ રૂપિયા પ્રતિ ક્વિંટલ કરવાનો વાયદો કર્યો

। ભોપાલ, તા.૧૧ ।

મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે ભાજપે આજે તેનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરી દીધો. પાર્ટીએ તેને સંકલ્પ પત્ર નામ આપ્યું હતું. રાજ્યની પ્રજાને ભાજપે તેમાં અનેક વાયદાઓ કર્યા છે. છોકરીઓને ગ્રેજ્યુએશન સુધી મફત અભ્યાસ સહિત ૨૦ વાયદા તેમાં સામેલ કરાયા છે. ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડા, મધ્યપ્રદેશના સીએમ શિવરાજ સિંહ ચૌહાણ અને રાજ્યના ભાજપ એકમના પ્રમુખ વી.ડી.શર્મા સહિત ભાજપના ટોચના નેતાઓએ રાજ્યમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે તેમનો ઘોષણાપત્ર જાહેર કર્યો હતો.



તેમાં ગરીબ પરિવારોની છોકરીઓને પોસ્ટ ગ્રેજ્યુએશન સુધી મફત શિક્ષણનો વાયદો કરાયો છે. સત્તારુઢ પાર્ટીએ ઘઉંની ખરીદી ૨૭૦૦ રૂપિયા અને ધાનની ખરીદી ૩,૧૦૦ રૂપિયા પ્રતિ ક્વિંટલ કરવાનો વાયદો કર્યો હતો.

### ભારતીય માટે વિશ્વમાં રોજગારીના દરવાજા ખુલ્લી રહ્યા છે

## એક લાખ ભારતીયોને નોકરી આપવાની તાઈવાનની યોજના

### તાઈવાનમાં બેરોજગારીનો દર સૌથી નીચા સ્તરે છે જેથી તેને મેન્યુફેક્ચરિંગ, હેલ્થ અને એગ્રીકલ્ચર સેક્ટરમાં મોટી સંખ્યામાં કામદારોની જરૂર પડી છે

। નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતીય માટે વિશ્વમાં રોજગારીના દરવાજા ખુલ્લી રહ્યા છે. ઈઝરાયેલ પછી હવે તાઈવાન પણ એક લાખ ભારતીયને નોકરી આપવાની યોજના તૈયાર કરી રહી છે. તાઈવાન મેન્યુફેક્ચરિંગ, હેલ્થ અને એગ્રીકલ્ચર સેક્ટરમાં ભારતીયોના એક લાખ લોકોને નૌકરી આપવાની યોજના બનાવી રહી છે. રિપોર્ટ અનુસાર, તાઈવાનમાં બેરોજગારીનો દર સૌથી નીચા સ્તરે છે. આવી સ્થિતિમાં તેને મેન્યુફેક્ચરિંગ, હેલ્થ અને એગ્રીકલ્ચર સેક્ટરમાં મોટી સંખ્યામાં કામદારોની જરૂર છે, જે તેને દેશમાં મળી રહ્યા નથી.



આવી સ્થિતિમાં તેમણે ભારત તરફ સમાધાનનો હાથ લંબાવ્યો છે. અહેવાલો અનુસાર, ભારત અને તાઈવાન વચ્ચે આવતા મહિને નોકરીઓ માટેના આ કરાર પર સમજૂતી થઈ શકે છે. ભારત-તાઈવાન જોબ એગ્રીમેન્ટ તેના અંતિમ તબક્કે છે આ અંગે વાતની પુષ્ટિ વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કરી હતી.

### સાયબર ઠગોની લોકોને છેતરવાની નવી તરકીબો

## વિવિધ સ્ટોરીની મદદથી લોકોને મોબાઈલ દ્વારા છેતરતા ઠગબાજો

### ઠગબાજો કોઈક વાર લોકોને મોબાઈલ નેટવર્ક ઓપરેટર બનીને ફોન કરતો હોય છે, તો ક્યારેક ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડ બનીને કરતા હોય છે

। નવી દિલ્હી, તા.૧૧ ।

સાયબર ફ્રોડ લોકોને ઠગવા રોજ નવી -નવી તરકીબો શોધતા રહેતા હોય છે. છેલ્લા કેટલાક સમયથી અપરાધીઓ કોલ ફોરવર્ડિંગ સ્કેમનો સહારો લઈ રહ્યા છે. આ કોઈ નવી રીત નથી પરંતુ અપરાધી એક્ટીવ રીતે હવે તેનો વધુ ઉપયોગ કરી રહ્યા છે. આ વિશે કેટલીયે વાર જીઓ અને એરટેલ જેવી ટેલીકોમ ઓપરેટર્સ અને ટ્રુકોલર જેવા કોલર આઈડેંટિફાઈંગ એપ દ્વારા પણ આ ખતરનાર છેતરપીંડી વિશે વોર્નિંગ આપી હતી. આવા સ્કેમ છેલ્લા ઘણા સમયથી માર્કેટમાં ચાલી રહ્યો છે, અને કેટલાય લોકો તેના શિકાર બની રહ્યા છે. કારણ કે લોકોએ તેની માહિતી



નથી હોતી અને સાયબર ગુનેગારો ખૂબ જ ચાલાકીથી તેમનો અંજામ આપી રહ્યા છે. સોશિયલ મીડિયા પર કેટલાક લોકો આ સ્કેમ વિશે બતાવવામાં આવી રહ્યું છે. આ સ્કેમ કરવાની એક જ રીત છે, જોકે, ગુનેગાર તેને અંજામ આપવા માટે વિવિધ સ્ટોરીનો સહારો લેતો રહે છે.

**વિશેષ** દીપોત્સવી પર્વનો પ્રાચીન ઇતિહાસ । દીપોત્સવી પર્વ પ્રકાશ અને આનંદનું પર્વ

# અયોધ્યામાં લંકાના વિજય પછી ભગવાન રામના આગમનની ખુશીમાં દિવાળીનો તહેવાર ઉજવવામાં આવે છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ



દીપોત્સવી પર્વ પ્રકાશ અને આનંદનું પર્વ છે. ગરીબ તવંગર સૌ કોઈ આ તહેવાર આનંદ અને ઉલ્લાસભેર ઉજવે છે. આ એક માત્ર એવો તહેવાર છે જેમાં જીવનની મીઠાશ, ઝળહળતો પ્રકાશ, આનંદ ઉલ્લાસથી જીવનને ભરી દેનારુ પર્વ છે. દીપોત્સવી પર્વનો પ્રાચીન ઈતિહાસ પણ જાણીતો છે.

અસુરોના ત્રાસથી પ્રજા મુક્ત થઈ ઘેર ઘેર દીવડાઓ પ્રગટાવી આનંદ વ્યક્ત કર્યો ત્યારથી આ દિવસ દિવાળી તરીકે ઉજવવામાં આવે છે. ભગવાન શ્રી કૃષ્ણે નરકાસુર- ભૌમાસુરનો નાશ કરી પ્રજાને ત્રાસમુક્ત કરી. પૃથુ ભગવાને પૃથ્વીનું દોહન કરી રસ કસ કાઢયાં. સમુદ્રમાંથી લક્ષ્મીજી પ્રકટ થયાં. શ્રી રામે રાવણને મારી લંકા વિજય કરી અયોધ્યા પધાર્યા ઘેર ઘેર દીવડાઓ પ્રકટયા ફટાકડા ફોડયા. પાંડવો પણ વનમાંથી પાછા ફર્યા. ધર્મનો જય થયો અધર્મનો નાશ થયો.માનવ આધિ વ્યાધિ ઉપાધિમાંથી ઘેરાયેલો છે. તેમાંથી મુક્ત થાય છે.

ભવિષ્યોત્તર પુરાણમાં દિવાળીનો ઉત્સવ દિપોત્સવી કેવી રીતે ઉજવવી તેનું માર્ગદર્શન છે. અમાસની રાત્રે અજવાળું ફેલાવતા દીવડા પ્રકટાવીને અંતરમાં પ્રકાશ પાથરવાની પ્રાર્થનાનો ઉત્સવ દીપાવલી 'દિવાળી દિવ્ય ભાવનાનો દિવસ છે. ભક્તિના દીવડા દીલમાં પ્રકટાવવાનું પર્વ-પ્રેમ ભાવનાનું પર્વ અરસ્પરે પ્રેમ વહેંચવાની પ્રક્રિયા.

વામન અવતાર ધારણ કરીને ભગવાને જે દિવસે ત્રણ પગલાનું દાન માગ્યું એ કાર્તીક પડવાનો દિવસ. અષાઢથી શરૂ થયેલી વર્ષામાં સુંદર નવી તૈયાર ફસલ આવે છે. આ અનાજથી પ્રભુને નેવૈદ્ય ધરાવી 'અન્નકૂટ' ધરાવાય છે. ગોવર્ધન કરતાં ગોવર્ધન ધારીની પૂજાનું મહત્વ છે. ભગવાનને અન્નકૂટ ધરાવવાથી મંગલપર્વ આનંદ અને સુખ મળે છે. બધુ ભગવાને આપ્યું છે. તેને અર્પણ કરાયે. આજ નૂતન વર્ષની પ્રસાદી. વિક્રમ સંવતનું નવું વર્ષ આ દિવસથી શરૂ થાય છે. તેથી સૌ નવું જીવન જીવવાની પ્રેરણા આપે છે. જૂના વેર ઝેર ભૂલી નવા વર્ષના શ્રી મંગલાચરણ માંડો નવું વર્ષ એક બીજાનું મંગલ કરવાનું પર્વ છે. એટલે જ નૂતન-વર્ષાભિનંદન બોલવામાં આવે છે. જુનું ભૂલો બધાને પ્રેમ અને આત્મતીયાથી મળો. અંતરમાં દીલમાં દીવા પ્રગટાવવાનું વર્ષ દિપોત્સવી છે. મહારાષ્ટ્રમાં કહેવત છે કે ભગવાનના સંત મળે તે દિવાળી ઉત્સવો આપણી સંસ્કૃતિ છે. પ્રત્યેક દિવસને દિવાળી તરીકે ઉજવો પ્રભુને યાદ કરો. દિવાળીમાં એક જ ભાવ રાખો કે બીજાનું ભલુ કરવામાં પ્રભુ આપણું ભલું કરશે. દિવાળી પ્રકાશનું પર્વ છે.

'ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા અસત્યોમાંથી અમૃત, સમીપે નાથ તું લઈજા. દિવાળી આબાલ વૃધ્ધો અને બાળકોને આનંદ આપતો તહેવાર છે. દિવાળીના દિવસોમાં ઘેર ઘેર દીવા થાય ફટાકડા તો ફટફટ ફુટે બાળકો અતિ હરખાય. પુષ્ટિમાર્ગમાં દિવાળીનો દિવસ કાન જગાઈ તરીકે ઓળખાય છે. બાલકૃષ્ણ પ્રભુ સુંદર શણગાર સજીને ખીરકર્મા પધારી ગાયોને ખેલાવે છે. આ દિવસે યમરાજા બહેન યમુનાને ત્યાં ભોજન માટે ગયા હતા. ત્યારથી જ આ પર્વ મનાય છે.

- બૌધ્ધ ધર્મના પ્રવર્તક ગૌતમ બુધ્ધના સમર્થકો તેમજ અનુયાયિઓએ ૨૫૦૦ વર્ષ પહેલાં ગૌતમ બુધ્ધ સ્વાગત માટે હજારો લાખો દિવડા પ્રગટવીને દિવાળી ઉજવી હતી.

- સમ્રાટ વિક્રમાદિત્યનો રાજ્યાભિષેક દિવાળીના દિવસે થયો હતો. એટલા માટે દિવા પ્રગટાવીને ઉત્સવ ઉજવવમાં આવ્યો હતો.

- અમૃતસરના સુવર્ણ મંદિરનું નિર્માણ પણ દિવાળીના દિવસે કરવામાં આવ્યું હતું.

- દીન-એ-ઈલાહીના પ્રવર્તક મુગલ સમ્રાટ અકબરના શાસનકાળમાં દૌલતખાનાની સામે ૪૦ ગજ ઉંચો એક મોટો આકાશદીપ દિવાળીના દિવસે લગાવ્યો હતો. બાદશાહ જહાંગીર પણ દિવાળી ખુબ જ ધામધુમથી ઉજવતાં હતાં.

અયોધ્યામાં ભગવાન રામના આગમનની વાર્તા આપણા હિંદુ ધર્મના ધાર્મિક ગ્રંથોમાં કહેવામાં આવ્યું છે કે, અયોધ્યામાં લંકાના વિજય પછી ભગવાન રામના આગમનની ખુશીમાં દિવાળીનો તહેવાર ઉજવવામાં આવે છે. લંકા જીતીને ભગવાન શ્રી રામ જ્યારે ૧૪ વર્ષ પછી અયોધ્યા પાછા ફર્યા ત્યારે અયોધ્યાના લોકોએ ઘર, આંગણા અને દરવાજા સાફ કરીને નવા વસ્ત્રો પહેરીને, દીપ પ્રગટાવીને તેમનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન સમગ્ર શહેરને દીવાઓથી શણગારવામાં આવ્યું હતું અને લોકોએ તેમની આસપાસના લોકોને મીઠાઈઓ વહેંચીને તહેવારની ઉજવણી કરી હતી. ત્યારથી દર વર્ષે દિવાળીનો તહેવાર પ્રચલિત છે.નરકાસુરની હત્યાઃ નરકાસુરની હત્યા અને સ્ત્રીઓની મુક્તિની કથા, પ્રાગજ્યોતિષ પુર શહેરનો રાજા નરકાસુર નામનો રાક્ષસ હતો. પોતાની શક્તિથી તેણે ઈન્દ્ર, વરુણ, અગ્નિ, વાયુ વગેરે તમામ દેવતાઓને પરેશાન કર્યા હતા. તે સંતોને પણ પરેશાન કરવા લાગ્યો હતો. આ સાથે મહિલાઓ પર પણ અનૈતિક રીતે અત્યાચાર કરવા લાગ્યા. તેણે સંતો વગેરેની ૧૬ હજાર મહિલાઓને પણ બંદી બનાવી લીધી હતી અને વિવિધ રીતે હેરાન પણ કરી રહ્યો હતો. જ્યારે તેમના અત્યાચારો હદ વટાવી ગયા ત્યારે દેવતાઓ સાથે અન્ય ઋષિઓ પણ ભગવાન કૃષ્ણની શરણમાં ગયા. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણએ બધાને નરકાસુરથી મુક્તિ અપાવવાની ખાતરી આપી હતી. નરકાસુરને સ્ત્રીના હાથે મૃત્યુનો શ્રાપ મળ્યો હતો. તેથી ભગવાન કૃષ્ણએ તેમની પત્ની સત્યભામાને સારથિ બનાવી અને તેમની મદદથી નરકાસુરનો વધ કર્યો હતો. આ રીતે શ્રીકૃષ્ણે કારતક માસના કૃષ્ણ પક્ષની ચતુર્દશીના દિવસે નરકાસુરનો વધ કર્યો હતો અને તેના આતંકમાંથી દેવતાઓ અને સંતો મુક્ત થયા હતા. તેમની ખુશીમાં બીજા દિવસે એટલે કે, કારતક મહિનાની અમાવાસ્યા પર લોકોએ તેમના ઘરોમાં દીવા પ્રગટાવ્યા હતા. ત્યારથી નરક ચતુર્દશી અને દિવાળીનો તહેવાર ઉજવવામાં આવે છે.

**દેવી લક્ષ્મીની પૂજા**

સમુદ્ર મંથનથી દેવી લક્ષ્મીના દેખાવની કથા છે. લક્ષ્મીની ઉત્પત્તિના સંબંધમાં સમુદ્ર મંથનની કથા પ્રચલિત છે. સમુદ્ર મંથનમાં ૧૪ રત્નો પ્રગટ થયા હતા, જેમાં વિષથી અમૃત સુધીનું વર્ણન છે. આ સાથે જ સમુદ્ર મંથનમાંથી દેવી લક્ષ્મીનો પણ ઉદ્ભવ થયો હતો, બધા દેવતાઓ, દાનવો અને ઋષિઓ દેવી લક્ષ્મીને પોતાની સાથે રાખવા માંગતા હતા, પરંતુ લક્ષ્મીએ ભગવાન વિષ્ણુને પસંદ કર્યા હતા. લક્ષ્મી ધન, સંપત્તિ તરીકે ઓળખાય છે. આ બધું હંમેશા એવા લોકો સાથે રહે છે, જેઓ પોતાના કામને મહત્વ આપે છે અને ધર્મને વળગી રહે છે. એટલા માટે ભગવાન વિષ્ણુએ પોતાના એક પછી એક અવતાર દ્વારા કર્મ કરતા રહેવાનો અને ધર્મના માર્ગે ચાલવાનો સંદેશ આપ્યો છે.દીપકનું મહત્વઃ સ્થાપિત કરવું એ સત્ય અને જ્ઞાનનું પ્રતીક માનવામાં આવે છે, કારણ કે તે પોતે બળે છે, પરંતુ અન્યને પ્રકાશિત કરે છે. આ વિશેષતાના કારણે ધાર્મિક ગ્રંથોમાં દીવાને બ્રહ્માનું સ્વરૂપ માનવામાં આવે છે. આપણી એવી પણ માન્યતા છે કે, દીપકનું દાન કરવાથી શારીરિક અને આધ્યાત્મિક શક્તિઓ પ્રાપ્ત થાય છે. જ્યાં સૂર્યનો પ્રકાશ નથી પહોંચી શકતો ત્યાં દિવાનો પ્રકાશ પહોંચે છે. તેથી જ દીવાને સૂર્યનો અંશ સૂર્યસંભવનો દીપઃ કહેવામાં આવે છે. આપણા ધાર્મિક ગ્રંથ સ્કંદ પુરાણ મુજબ દીપકનો જન્મ યજ્ઞમાંથી થયો હતો. યજ્ઞને દેવતાઓ અને મનુષ્યો વચ્ચેના સંચારનું શ્રેષ્ઠ માધ્યમ માનવામાં આવે છે. યજ્ઞની અગ્નિમાંથી જન્મેલા દીવાની પૂજાનું વિશેષ મહત્વ છે. આ માટે દિવાળી એક ખાસ તહેવાર છે...

**લાભપાંચમ**

લાભપાંચમ વિક્રમ સંવતના કારતક સુદ પાંચમના દિવસે મનાવવામાં આવે છે. લાભપાંચમ એ દિવાળીની રજાઓ બાદ નવા વર્ષના કામકાજનો પ્રથમ દિવસ. આજનો દિવસ કોઈપણ કાર્ય શરૂ કરવા માટે શુભ ગણાય છે. આજના દિવસને સૌભાગ્ય પંચમી અથવા શ્રી પંચમી કહેવાય છે, ઉપરાંત આ દિવસને જ્ઞાનપંચમી પણ કહેવામાં આવે છે. આજનો દિવસ સરસ્વતી અને લક્ષ્મી બંને દેવીઓનો છે.

## તંત્રી લેખ...

# દિવાળી તહેવાર પ્રકાશનો

ભારતમાં, દિવાળી એ નિઃશંકપણે ઉત્સાહ, ખુશી, સકારાત્મકતા અને ખરાબ પર સારાની ઉજવણીનો તહેવાર છે. તે ૫ દિવસ લાંબો તહેવાર છે જેમાં મિત્રો, કુટુંબીજનો અને પ્રેમીઓ ઘરને સજાવટની ખુશખુશાલ ઉજવણી માટે ભેગા થાય છે અને દરેક જગ્યાએથી અંધકાર દૂર કરવા માટે ઘરને રોશની કરે છે કારણ કે દિવાળી 'અમાવસ્યા' પર ઉજવવામાં આવે છે જે કોઈ ચંદ્ર દિવસ નથી. તે ભારતીય હિંદુ કેલેન્ડર મુજબ નવા વર્ષની શરૂઆત કરે છે. દિવાળી ભારતમાં તેની ભવ્ય ઉજવણી માટે અલગ અલગ અર્થ દર્શાવે છે. આ દિવસ રાવણ પર ભગવાન રામના વિજયની ઉજવણી કરવાનો દિવસ છે. તેમજ દિવાળી એ લક્ષ્મી ગણેશ પૂજા માટેનો શુભ દિવસ છે. તેથી દિવાળીના ખુશખુશાલ તહેવારને દર્શાવતું ઘણું બધું છે જેમ કેઃ એવું કહેવાય છે કે ભગવાન રામની જીત અને ૧૪ વર્ષના વનવાસ પછી અયોધ્યા પાછા ફરવાના કારણે દિવાળી ઉજવવામાં આવે છે. વાસ્તવમાં ભગવાન રામના સ્વાગત માટે ઘરની રોશની અને શણગાર કરવામાં આવે છે. રામાયણની વાર્તા બધાને વિગતવાર દર્શાવે છે. દિવાળીની ઉજવણીમાં રામાયણના મહત્વની જેમ દિવાળી પર લક્ષ્મી ગણેશ પૂજાનું પણ ઘણું મહત્વ છે. ભારતના લોકો દ્વારા એવું માનવામાં આવે છે કે દિવાળી પર દેવી લક્ષ્મી અને ભગવાન ગણેશની પૂજા કરવી એ ભગવાનનો આદર અને સ્વસ્થ, સમૃદ્ધ, સુખી અને સમૃદ્ધ જીવનનો આશીર્વાદ મેળવવાનો માર્ગ છે. જે વસ્તુ પ્રકાશના તહેવારને શ્રેષ્ઠ રીતે દર્શાવે છે, દિવાળી એ પરંપરાગત દિયા છે. વાસ્તવમાં દિવાળીની ઉજવણીનો સૌથી મહત્વનો ભાગ ઘરમાં અને આસપાસ દરેક જગ્યાએ પરંપરાગત માટીના દીવાઓ પ્રગટાવવાનો છે. આમ, જ્યારે દિવાળી નજીક છે, ત્યારે એક વસ્તુ જેની ખૂબ જ માંગ છે તે છે સુંદર કોતરણીવાળા દિયા. આ દિવસોમાં દિવાળીના દીવાઓની ઘણી નવી વેરાયટી બજારમાં આવી છે. દિવાળીના તહેવારની ઉજવણીનું બીજું એક સુંદર પ્રતીક રંગોળી છે. તે રંગીન પાવડર વડે કરવામાં આવતી ફ્લોરની સુંદર અને રંગબેરંગી સજાવટનું નામ છે. દિવાળીની રંગોળી વાસ્તવમાં દિવાળીનું પરંપરાગત પ્રતીક છે જે સર્જનાત્મકતા સાથે ઉત્કૃષ્ટ છે. અન્ય તહેવારોની જેમ, નજીકના અને પ્રિયજનો સાથે મીઠાઈ વહેંચવી એ દિવાળીની ઉજવણીની એક મહત્વપૂર્ણ વિધિ છે. આમ તો દિવાળીની ઉજવણીના ઘણા દિવસો પહેલા, દિવાળી સ્પેશિયલ મીઠાઈઓની અદ્ભુત જાતો આજુબાજુ બધે ઉપલબ્ધ છે. વાસ્તવમાં દિવાળી ગિફ્ટની શ્રેણીમાં મીઠાઈઓ વધુ પસંદ કરવામાં આવે છે. દિવાળીના સંદેશાની જેમ જ, દિવાળીની મીઠાઈઓ નજીકના અને પ્રિયજનો વચ્ચે વહેંચવામાં આવે છે. દિવાળી પર, આજુબાજુ ખુશી, પ્રેમ અને ખુશખુશાલ પળો ફેલાવતી ધાર્મિક વિધિ એ ભેટ આપવાની વિધિ છે જે દિવાળી દરમિયાન ભારતના લોકોમાં ખૂબ મહત્વ ધરાવે છે. દિવાળીના અન્ય મહત્વના રિવાજોની જેમ, દિવાળીની ભેટ વહેંચવાની વિધિ પણ બધા વચ્ચે ખૂબ મહત્વ ધરાવે છે. તે નજીકના અને પ્રિયજનો સાથે પ્રેમના બંધનને મજબૂત કરવાનો, ખુશી અને પ્રેમ વહેંચવાનો માર્ગ છે. વાસ્તવમાં દિવાળી પર કોર્પોરેટ કંપનીઓ સ્ટાફને દિવાળીની ભેટનું વિતરણ કરે છે. દિવાળી એ ભારતીયોના આનંદી તહેવારોમાંનો એક તહેવાર છે. તેથી તેને પરિવાર અને મિત્રો સાથે અત્યંત ઉત્સાહ સાથે અને અત્યંત સલામતી સાથે ઉજવો.

## દીવાઓ અને મીણબત્તીઓ સાથે સુશોભિત દિવાળી

દિવાળી એ રોશની અને રોશની સાથે સંકળાયેલ છે અને તેથી જ તેને પ્રકાશનો તહેવાર કહેવામાં આવે છે. દીવાઓ અને મીણબત્તીઓ વડે ઘરોને પ્રગટાવવાનું પ્રતીક દિવાળી છે. દરેક વ્યક્તિ જાણે છે કે દિવાળીમાં ભેટની આપ-લે એ વર્ષો જૂની પરંપરા છે. આ તે સમય છે જ્યાં લોકો તેમના પ્રિયજનો, સંબંધીઓ અને મિત્રોને મળે છે અને ભેટોને પ્રેમ અને શુભેચ્છાઓનું પ્રતીક માનવામાં આવે છે. દિવાળીના દીવાઓ અને મીણબત્તીઓ આ તહેવાર દરમિયાન સૌથી સુંદર અને લોકપ્રિય ભેટ વસ્તુઓમાંની એક છે. ડાયો, મીણબત્તીઓ, દીવા વિવિધ ડિઝાઈન, આકાર અને કદમાં ઉપલબ્ધ છે. બજાર આકર્ષક ડિઝાઈનના ડાયાથી છલકાઈ ગયું છે. હાથથી બનાવેલા દીવાઓ સુંદર રીતે તૈયાર કરવામાં આવે છે, પેઈન્ટેડ પેટર્ન સાથે અને સિક્વિન્સ, માળા અને ચશ્માથી જડવામાં આવે છે. માટીના દીવા ઉપરાંત ધાતુના દીવા પણ ઉપલબ્ધ છે. પિત્તળ, તાંબુ, કાંસ્ય અને ચાંદી અને સોનાના ડાયા પણ છે. આ જટિલ રીતે કોતરવામાં આવેલ છે અને વિવિધ આકારોમાં ઉપલબ્ધ છે. બજારો, દિવાળીના મેળાઓ, હાટ, દેશભરમાં સિરામિક અને હસ્તકલા કલાકારો દ્વારા બનાવેલા હાથવણાટના દીવાઓનું પ્રદર્શન કરે છે. દિવાળીના દીવાઓ મુખ્ય આકર્ષણોમાંનું એક છે. મલ્ટીકલર્ડ અને વાઈબ્રન્ટ રંગીન ડાયો કલ્પિત લાગે છે. દીવાઓની જેમ, મીણબત્તીઓ પણ દિવાળી દરમિયાન ભેટ તરીકે આપવામાં આવે છે. સૌથી સુંદર ડિઝાઈન, રંગો અને આકારોની સૌથી ઉત્કૃષ્ટ મીણબત્તીઓ બજારમાં મળે છે. મીણબત્તીઓ સાથે ચમકતી ડિઝાઈનવાળા મીણબત્તીઓ ધારકો લાવણ્ય અને રોયલ્ટીનું તત્વ પણ લાવે છે. ચાની લાઈટ મીણબત્તીઓ, વોટિવ મીણબત્તીઓ, સુગંધિત મીણબત્તીઓ અને વિવિધ રંગીન ફ્લોટિંગ મીણબત્તીઓ પણ છે. દીવાઓ અને મીણબત્તીઓ દિવાળીની ભેટ તરીકે આદર્શ છે. દીવાઓ અને મીણબત્તીઓ પ્રગટાવ્યા વિના દિવાળી અધૂરી છે. ઘરને સુશોભિત કરવા, પ્રવેશ માર્ગને પ્રકાશિત કરવા ઉપરાંત, સાંજની લક્ષ્મી પૂજા કરવા માટે પણ દીવાઓની જરૂર પડે છે. દિવાળીના અવસર પર ભેટ આપવાનું ખૂબ મહત્વ છે. સુંદર દીવાઓ અને મીણબત્તીઓ રજૂ કરવી એ આદર, મિત્રતા અને કદરનો સંચાર કરવાની એક રીત છે. દિવાળી, પ્રકાશનો તહેવાર એ ભારતના સૌથી પ્રખ્યાત તહેવારોમાંનો એક છે અને લોકો ખૂબ જ ખુશી અને આનંદ સાથે ઉજવે છે. આ દિવસે સમગ્ર મહોલ્લા, ઘરો, શેરીઓ અને દુકાનોને સુંદર રોશનીથી શણગારવામાં આવે છે. અને, ૨૯ રાજ્યો ધરાવતા ભારત જેવા દેશ માટે, દેશના દરેક ભાગમાં ઉજવણીની રીત એટલી જ આકર્ષક છે. તે જાણીતું છે કે ભગવાન રામ તેમના ૧૪ વર્ષના વનવાસ દરમિયાન પંચવટીમાં રહ્યા હતા જે મહારાષ્ટ્ર રાજ્યમાં આવતા નાસિકની નજીકમાં છે. અને, તે એક કારણ છે કે આ સ્થળના લોકો આ રોશનીનો તહેવાર અત્યંત ઉત્સાહ અને જોશથી ઉજવે છે. મહારાષ્ટ્રના લોકો દિવાળીના દિવસે લક્ષ્મી પૂજન કરે છે. લોકો માને છે કે મા લક્ષ્મી આ દિવસે દરેક ઘરમાં આવે છે અને ઘણી સમૃદ્ધિ અને સંપત્તિ લાવે છે. અને, પૂજા ઉપરાંત, અનારસે, શેવ, ચકલી, શંકર-પાલખી જેવા સ્વાદિષ્ટ ખોરાક પણ રાંધવામાં આવે છે જેમાં વિવિધ પ્રકારની મીઠી વાનગીઓનો સમાવેશ થાય છે. અયોધ્યા, જે ભગવાન રામનું ઘર માનવામાં આવે છે અને અહીં ઉત્સવ ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે.

# દિવાળી એટલે કે પ્રકાશ પર્વ, આખાં વર્ષ દરમિયાન આ એક જ અમાસ એવી છે, જેમાં અંધારાં પર સચ્ચાઈના અજવાળાંની જીત



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા આ કાળી ચૌદશ અને દિવાળી ના સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે પણ મિશ્ર તિથિ એટલે કે ચૌદશ અને અમાસ બેય, આસો વદ ચૌદશ એટલે કે કાળી ચૌદશ અને અમાસ એટલે દિવાળી આ વખતે એક તીથીની વધઘટ હોવાથી, ચૌદસ ને દિવાળી બંને તહેવાર એક જ દિવસે આવે છે. વિશ્વ આખાને દિવાળી નાં તહેવાર ની ખૂબ ખૂબ વધાઈ. પ્રભુ શ્રી રામ ની ચરિત્ર ગાથા પરથી દરેકે દરેક જણ કોઈને કોઈ બોધ ગ્રહણ કરી અને સમયનાં આ દોરને જ સુંદર બનાવી જીવે એવી એક નેક અભિલાષા સાથે આજે આપણે પણ આ બંને તહેવાર વિશે ટૂંકમાં જોઈશું.

હિન્દુ સંસ્કૃતિમાં બે પ્રકારની સાધના કરીને ઈશ્વરત્વને પ્રાપ્ત કરવામાં આવે છે, અથવા તો જાણવામા આવે છે. મંત્ર સાધના અને બીજી તંત્ર સાધના. આમાં તંત્ર નામની સાધના નો પ્રયોગ આજની આ કાળી ચૌદશની રાત્રે તાંત્રિકો કરતા હોય છે.ઉપરાંત હનુમાનજીની સાધના નો પણ આ વિશેષ દિવસ તરીકે સ્વીકારવામાં આવ્યો છે. કાળીચૌદશે હનુમાનજીના મંત્ર પ્રયોગો કરવાથી બધા શત્રુઓ નાશ પામે છે કાળીચૌદસની રાત્રીને સિદ્ધરાત્રી પણ ગણવામાં આવે છે. વર્ષના ત્રણ મહાન પર્વોમાં કાળીચૌદસનું પણ વિશેષ મહત્વ છે. યોગાનુયોગ વર્ષે કાળી ચૌદસ ને શનિવાર હોવાથી આ સુંદર રાત્રી યોગ બને છે,માટે અતિ ફળદાયી બને છે. જેને શનિગ્રહ,કે શનિની પનોતી હોય, કે શનિ નડતો હોય, તેઓ પણ કાળી ચૌદસે તેના નિવારણ હેતુ દાન પુણ્ય કરીને કે શનિમંત્રજાપ કરીને પણ પીડાનું નિવારણ કરી શકે છે. કાળી ચૌદસે મહાકાળી, દશ મહા વિદ્યા, હનુમાનજી, શનિદેવ, કાળભૈરવ, બટુક ભૈરવ, ઘંટાકર્ણ મહાવીર તથા અન્ય ઉગ્રદેવતાઓની સાધના ઉપાસના કરવાનો અનેરો મહિમા ધરાવે છે. કાળી ચૌદસના પર્વે મંત્ર અને યંત્ર અનુષ્ઠાન દ્વારા પણ દેવી દેવતાઓને રીઝવવા સાધના કરાય છે. કાળી ચૌદસની સાધનાનું ફળ સહસ્ત્ર ગણુ હોય છે. મહાકાળીની પૂજામાં "ક્લીં" બીજ મંત્રનો ઉપયોગ કરી મંત્રજાપ કરતા આદિવ્યાધિ ઉપાધી તથા શત્રુબાધા ટળે છે. જ્યોતિષાચાર્ય જણાવ્યાનુસાર, શાસ્ત્રોમાં તંત્ર-મંત્ર અને યંત્ર ઉપયોગથી અનેક નું સ્વકલ્યાણ કે લોકકલ્યાણના શુભ ઉપાયો પણ દર્શાવાયા છે. જે ઉપાયો અનુસાર કાળીચૌદસે સાધના કે આરાધના કરતા તેના ફળસ્વરૂપે સંકટ સામે રક્ષણ મળે છે. આ બધી વાત કોઈ વિશેષ સિદ્ધિ જોઈતી હોય તેની માટેની છે આપણે તો સીધુ સાદુ નામ સ્મરણ જ પર્યાપ્ત છે જે ભાવના જન્મ મુક્તિના બંધનમાંથી જીવને છોડાવે છે અને આ જન્મને સફળ બનાવે છે. સિદ્ધિ પ્રસિદ્ધિથી જીવન ક્યારેય સફળ થતું નથી એ વાત હંમેશા યાદ રાખવી. સત્ય પ્રેમ અને કરુણા સામાન્ય માં સામાન્ય માણસ પણ સ્મરણથી પ્રાપ્ત કરી શકે છે, અને એ જ તો જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ છે. આમ પણ આ અંધારાં માં રહી ભીતરના અંધારું ઓગાળવાનો તહેવાર છે ,એટલે કે તમસ રૂપે જે અંધકાર માનસમાં છવાયો છે, એને આ રાત્રી એ ઓગાળી ને સાત્વિકતા ના અજવાળા કરવાના છે.

દિવાળીનો તહેવાર "પ્રકાશના પર્વ" તરીકે જાણીતો છે, આખા વર્ષ દરમિયાન આ એક જ માણસ એવી છે જે અમાસ હોવા છતાં પણ અજવાળી છે કારણ કે એ દિવસે બધાના ઘર આંગણામાં દિવા રૂપે સત્ય પ્રકાશ રેલાઈ રહ્યો છે, અને તેનો આધ્યાત્મિક અર્થ થાય છે, "મનના પ્રકાશની જાગૃતિ" નો તહેવાર. સ્થૂળ શરીર અનને મનની પેલે પાર પણ કશુંક છે, જે શુદ્ધ, અનંત અને અવિનાશી છે, અને તેને આત્મા કહેવાય છે, તેવી એક વિચારધારા મૂળ હિન્દુ તત્વજ્ઞાનનું,કે પછી હિન્દુ સનાતન ધારાનું કેન્દ્ર છે.

આપણે જેવી રીતે આપણા સ્થૂળ જન્મને ઉજવીએ છીએ, તેવી રીતે દિપાવલી આંતરિક પ્રકાશનો તહેવાર છે, કે જેને જાણવાથી અંધકાર પણ પ્રકાશમય બને છે,તમામ મુશ્કેલીઓ દૂર થાય છે અને અજ્ઞાન વિખેરાઈ જાય છે, વ્યક્તિનું પોતાનું સાચુ સ્વરૂપ જાગૃત થાય છે, ત્યારે શરીર તરીકે નહિ, પરંતુ અપરિવર્તનીય, અનંત, વિશ્વવ્યાપી અને ગુણાતીત વાસ્તવિકતા સમજાય છે. આત્માની અનુભૂતિ થતાની સાથે જ, સમગ્ર સૃષ્ટિ માટે સત્ય પ્રેમ કરુણા, અને તમામ વસ્તુઓના વૈરાગ્યની અને સત્વ તત્વ ના એકાકારથી જાગૃતિ ના પ્રકારથી ઉચ્ચ જ્ઞાન આવે છે. આનાથી આનંદ, આંતરિક ઉલ્લાસ અથવા શાંતિ આવે છે. દિવાળી ફટાકડા, પ્રકાશ, ફૂલો, મિઠાઈઓ તથા ભક્તિ દ્વારા ઉજવવામાં આવે છે. પ્રદેશે-પ્રદેશે દિવાળીની કથા અલગ છે, છતાં પણ તમામનો સાર એકસરખો છે કે, આંતરિક પ્રકાશનો આનંદ લેવો, તેમજ આત્મા અથવા તમામ વસ્તુઓનું પાયામાં આ જ સત્ય છે.

બીજું કારણ એ છે કે રામનું અયોધ્યામાં આગમન :વનવાસ અને યુદ્ધમાં રાવણના મૃત્યુ પછી ૧૪ વર્ષે અયોધ્યાના રાજા રામ પોતાની પત્ની સીતા અને ભાઈ લક્ષ્મણ સાથે અયોધ્યા પરત ફર્યા તેની ખુશીમાં પણ દિવાળી ઉજવવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે અંધકારભર્યા માર્ગમા પ્રકાશ પાથરવા માટે અયોધ્યાના લોકોએ ઘીના દીવા કર્યા હતા. દક્ષિણ ભારતમાંથી રામે પોતાના ઉત્તર ભારતમાં તેમના રાજ્ય તરફ મુસાફરી કરી હોવાથી તેઓ પહેલા દક્ષિણમાંથી પસાર થયા હતા.આ કારણથી દક્ષિણ ભારતમાં આ તહેવાર એક દિવસ વહેલો ઉજવાય છે. આમ પણ રામ એટલે સત્ય અને રાવણ એટલે અસત્ય, રાજા રામની પત્ની સીતા માતાનું હરણ કરીને રાવણ લંકામાં લઈ જાય છે અને સીતા માતાને પાછા મેળવવા માટે રામ અને રાવણનું યુદ્ધ થાય છે, તેમાં રામ નો વિજય થયો. એટલે કે અસત્ય પર સત્યનો વિજય થયો, ત્રેતા યુગની પરિસ્થિતિ શું હશે તે ખબર નથી પરંતુ હાલ તો એક જીવમાં રાવણ અને હે રામ બંને છે માટે આપણે આ દિવાળીના પરમાર પર સંકલ્પ કરીએ કે રામપર રાવણ ક્યારે હાવી ન થાય એટલે કે અસત્યથી સત્ય દબાઈ જાય નહીં, કે પછી અંધારું અજવાળા પર આવી જાય નહિ. સૌના જીવન સતયાદિત પ્રકાશમય રહે અને આ તહેવાર જેવી ખુશાલી કાયમ રહે, અને સમાજમાંથી બદીનો નાશ થાય.રામ રાજ્યની પરિકલ્પના જે આપણા બધા જ બુદ્ધ પુરુષો એ જોઈ હતી તે આપણે પરિપૂર્ણ કરી અને વિશ્વમાં ભારતને પણ પ્રકાશમય બનાવીએ,આવો એક શુદ્ધ સંકલ્પ ઈશ્વર ઈશ્વર ચરણે રાખી, અને હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં કોઈ પ્રયોજન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

૧૪ નવેમ્બર એટલે કે ચાચા નહેરુ નો જન્મ દિવસ આવશે, જેને આપણે વર્ષોથી બાલ દિન તરીકે ઉજવવા આવ્યા છીએ, ત્યારે છાપાં માં રજા હશે તો આજે આપણે એને પણ યાદ કરી અને નાના બાળક જેવું સ્વરૂપ અંતરમાં ધરી અને બને એટલા નિખાલસ ને નિર્દોષ બનવાનો પ્રયત્ન કરીએ.

# વિદ્યાર્થી જો વિદ્યાર્થી અવસ્થામાં વિલાસી જીવન ગાળે તો વિદ્યાનો વિનાશ થાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા




જય માતાજી, આજે દિવાળી ૨૦૭૯ના વર્ષનો છેલ્લો દિવસ આજના દિવસે સંકલ્પ કરીએ કે સૌની સાથે હળીમળીને રહેશું. સંત ન હોત સંસારમાં તો જલી જાત બ્રહ્માંડ.. આજે ભગવદ્ જ્ઞાનમાં કંઈક મેળવવા પ્રયત્ન કરીએ. કોઈ સંતની સેવા ન કરો ત્યાં સુધી ઈશ્વર કૃપા થતી નથી.કોઈ મહા પુરુષની તન,મન અને ધનથી સેવા કરશો તો સંતનું હૃદય પીગળશે અને અંતરમાંથી આશીર્વાદઆપશે સેવાથી વિદ્યા સફળ થાય છે. પુસ્તકો વાંચીને મેળવેલું જ્ઞાન વિનય વિવેક વગરનું હશે,તે કદાચ તમને પૈસો અપાવશે પ્રતિષ્ઠા અપાવશે પણ તમને અંદરની શાંતિ આપશે નહીં. કોઈ સંતની સેવા કરીને મેળવેલું જ્ઞાન મનને શાંતિ આપશે. સંત બોલે છે ત્યારે ઉપદેશ આપે છે તેવું નથી. સંત મોન રાખીને પણ ઉપદેશ આપે છે. સંતોનો પ્રત્યેક વ્યવહાર જ્ઞાન અને શક્તિથી ભરેલો હોય છે. સંતની સેવાથી વિદ્યા મળે છે તે વિવેક, વિનયને સાથે લાવે છે. ગુરુસેવા વગર જ્ઞાન નથી, ગુરુ સેવા વગર પ્રભુ પ્રસન્ન થતા નથી એ આદર્શ શ્રીકૃષ્ણે જગતને બતાવ્યો છે.પ્રાચીનકાળમાં ગુરુ ઓ વિરક્ત હતા અને શિષ્ય આવા ગુરુની સેવા કરી વિરક્ત થતા.વિદ્યાએ વૈરાગ્ય વગર દીપે નહીં. ભગવાનના વિદ્યાર્થી જીવન માં ખૂબ સંયમ છે.વિદ્યાર્થી જો વિદ્યાર્થી અવસ્થામાં વિલાસી જીવન ગાળે તો વિદ્યાનો વિનાશ થાય છે. શ્રીકૃષ્ણ ગુને ઘરે પાણી ભરે છે અને ગુરુને ઘરે વનમાંથી લાકડાં લઈ આવે છે. ગુરુના સંસ્કાર વિદ્યાર્થીમાં આવે છે. આજકાલ ભણાવનારા પ્રોફેસરો શિક્ષકો વિલાસી હોય છે એટલે ભણનાર વિદ્યાર્થીઓ વિલાસી થાય છે. પ્રાચીનકાળમાં ગુરુઓમાં પરિપૂર્ણ સંયમ હતો એટલે વિદ્યાર્થીઓમાં પણ સંયમ આવતો. સંયમ જ સુખ આપે છે. વિદ્યાર્થી અવસ્થામાં સંયમની બહુ જ જરૂર છે.આજકાલ પૈસા કમાવાની વિદ્યા શીખવાડવામાં આવે છે, પણ સંસાર સંબંધમાંથી છોડાવનારી વિદ્યા શીખવાડવામાં આવતી નથી,આત્મા શું?પરમાત્મા શું?

આત્મા-પરમાત્માનો સંબંધ શું ? જીવનનું લક્ષ્ય શું ?આ કોઈ કહેતું નથી.સાચી વિદ્યાએ જ જે જીવને પ્રભુનાં ચરણ સુધી લઈ જાય, મુક્તિ અપાવે તે જ વિદ્યા. શ્રીકૃષ્ણ જ્યારે ગુરુકુળમાં હતા, ત્યારે સૌરાષ્ટ્રનો એક ગરીબ બ્રાહ્મણ ત્યાં ભણવા આવ્યો. તેની સાથે શ્રીકૃષ્ણને મૈત્રી થઈ.આ મિત્ર નું નામ સુદામા શ્રીકૃષ્ણના અનેક મિત્રો હશે પણ ભાગવતમાં આ એકનું નામ આપ્યું છે. ઈન્દ્રિયોને દમ, ઈન્દ્રિયનિગ્રહ કરે તે સુદામા.ઈન્દ્રિયોનો નિગ્રહ કર્યા વિના વિદ્યા મળતી નથી,વિદ્યા ફળતી નથી. વિદ્યાર્થી આલમમાં ઈન્દ્રિયોને ક્રમવાની ખૂબ જરૂર છે. તે સૂચવવા શ્રીકૃષ્ણના બીજા કોઈ સહાધ્યાયીનું કામ ભાગવતમાં લખ્યું નથી.ફક્ત સુદામાનું નામ લખ્યું છે. સુદામા સાથે મૈત્રી કરે તો જ સરસ્વતીની ઉપાસના થાય. પરમાત્માના સાક્ષાત્કાર માટે અતિ સંયમની જરૂર છે. વિદ્યાર્થી અતિ સંયમ ન રાખે તો વિદ્યા મળતી નથી. જીવનમાં સંયમ વગર દિવ્યતા આવતી નથી માટે સંયમ વિદ્યા, જ્ઞાન સાથે વૈરાગ્યને ખૂબ વધારો. એક વખત જે સુખનો, જે વિષયનો ત્યાગ કર્યો તેની ફરીથી ઈચ્છા થાય તો તે એકલું ખાવા જેવું થયું. માટે એક વખત ત્યાગ કર્યો પછી ત્યાગેલી ચીજની ઈચ્છા કરવી નહીં.માટે સુદામા સાથે મૈત્રી કરજો. સુદામા સાથે મૈત્રી કરશો તો સરસ્વતી પ્રસન્ન થશે અને દ્વારિકાનાથ પણ મળશે. સુદામા એ ઉત્તમ સંયમનું સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ-સુદામાના ગુરુ સાંદીપનિ છે. આત્મતત્ત્વનું સંદીપન કરી- કરાવી શકે તેનું નામસાંદીપનિ તે જ ગુરુ! કશું બહારથી લાવીને આપે છે તેવું નથી. આત્મતત્ત્વ જે અંદર છે તેનો જ ગુરુ અનુભવ કરાવે છે. જે મળ્યું છે તે મેળવવાનું છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે. ભગવાન પૃથ્વી ઉપર પધારે એટલે એમને પણ ગુરુની જરૂર પડે છે. તેઓ પણ ગુરુસેવા કરે છે. ભગવાને સંયમ સાથે મૈત્રી કરી સદાચારી જીવન ગાળ્યું. આજે પણ વિદ્યાર્થી સુદામાની સાથે મૈત્રી કરી વિદ્યાભ્યાસ કરે, તો વિદ્યા સફળ થાય, સંસારીઓ સાથે રહી બ્રહ્મચર્ય પાળવું કઠણ છે. સાત્ત્વિક વાતાવરણ હૃદયને પ્રફુલ્લ કરે છે. પિતા-પુત્રના વંશને બિંદુવંશ કહે છે. ગુરુ-શિષ્યના વંશને નાશવંત કહે છે. નાશવંત બિંદુવંશ કરતાં શ્રેષ્ઠ છે, એટલે પિતા કરતાં ગુરુ શ્રેષ્ઠ છે. ભગવાને વિદ્યાભ્યાસ પૂરો કર્યો. ગુરુને ગુરુદક્ષિણા માગવા કહ્યું. સાંદીપનિ કાંઈ માગતા નથી. સાંદીપનિ બોલ્યા, ક્ષીપ્રા નદીને કિનારે મારો આશ્રમ છે. વૃક્ષો ફળ આપે છે, નદી જળ આપે છે. કોઈ વસ્તુની મને અપેક્ષા નથી. જળ અને ફળથી જેને સંતોષ છે એ ખરો બ્રાહ્મણ. તે જ સદ્ગુરુ થવાને લાયક છે. બ્રાહ્મણનું જીવન વિલાસ ભોગવવા માટે નથી, તપ માટે છે. જેની જરૂરિયાત ઓછી તેના હાથે પાપ થતું નથી. પ્રભુએ કહ્યું, તમને જરૂર નથી, પણ ગુરુદક્ષિણા આપ્યા વગર મારી વિદ્યા સફળ ન થાય, માટે કાંઈક માગો. સાંદીપનિએ કહ્યું, મેં તને જ્ઞાન દીધું તેમ તું બીજાને દેજે! લાયક શિષ્ય મળે તો કશા ફળની બા વગર એને વિદ્યા દેજે અને વિદ્યાવંશને વધાર જે ! આ મારી દક્ષિણા!શ્રીકૃષ્ણે ગુરુની આજ્ઞા માથે ચડાવી અને આખી દુનિયા સાક્ષી છે કે, એમણે એ આજ્ઞાનું ન કર્યું છે. પરજ્ઞાની યોગેશ્વર શ્રીકૃષ્ણે અર્જુનને દિવ્યજ્ઞાનનું દાન કર્યું. અર્જુનની તો સેવા કરી પણ એના ઘોડાઓની પણ સેવા કરી છે. મહાભારતમાં એવું વર્ણન આવે છે કે, યુદ્ધમાં થાકેલો અર્જુન રાત્રે સૂઈ જાય પણ શ્રીકૃષ્ણ સૂતા નથી.ભગવાન રાત્રે અર્જુનના ઘોડા ઓની સેવા કરે છે. ઘોડાઓને વાગેલાં બાણ કાઢે, મલમ લગાડે, બદલામાં અર્જુન પાસેથી કાંઈ લીધું નથી. અર્જુન ભલે શ્રીકૃષ્ણને ગુરુ માને, ભગવાન અર્જુનને ચેલા માનતા નથી. ભગવાને ઉદ્ધવને જ્ઞાનોપદેશ કર્યો. અર્જુનને જ્ઞાનોપદેશ કર્યો, પણ કોઈ પાસેથી કાંઈ લીધું નથી.

ગુરુનિરપેક્ષઅનેશિષ્યનિષ્કામહોયતોબેડો પાર થઈ જાય. પણ આજકાલ તો લોકો આશા રાખે છે, મહારાજના આશીર્વાદથી મારે ત્યાં બાબો થાય, મને સંપત્તિ મળે. પરંતુ સંતતિ અને સંપત્તિનો આશી ર્વાદ ખરા સંત આપતા નથી. સંત તો વિકારવાસનાનો નાશ કરી અલૌકિક ભજનાનંદનું દાન કરે છે. ત્યારે ભગવાન ગુરુપત્નીને કહે છે, તમે કંઈક કહો!ગુરુપત્ની પુત્રશોક થી દુઃખી હતાં. તે કહે છે,અમે પ્રભાસની જાત્રાએ ગયા ત્યારે મારો એકનો એક બાળક સમુદ્રમાં ડૂબી મરણ પામ્યો છે. ગુરુદક્ષિણામાં એ બાળક મને લાવી આપો.ભગવાન તે બાળક લાવવા ગયા. સમુદ્રમાંથી પંચજન્ય શંખ મળ્યો. તે ધારણ કર્યો. પ્રભુ મુરલીધર મટી શંખધર બન્યા. અપાર પરિશ્રમ કરી પ્રભુ મરી ગયેલા ગુરુદેવના બાળકને લઈ આવ્યા છે.ગુરુ તેમજ ગુરુપત્ની ને આશીર્વાદ આપ્યા છે, સરસ્વતી તમારા મુખમાં, લક્ષ્મીજી તમારા ચરણમાં અને તમારી કીર્તિ જગત માં થશે. બેટા, મારી વિદ્યાનો વંશ વધારજે.ગોપીઓએ પણભગવાન પાસે કંઈ માગ્યું નથી.એટલે ભગવાન ગોપીઓના ઋણમાં હંમશને માટે રહ્યા છે. માટે ભગવાન પાસે કંઈ માગો નહીં. શ્રીકૃષ્ણ વિદ્યાભ્યાસ કરી મથુરા આવ્યા છે. યાદવોને પરમાનંદ થયો છે. મથુરાના રાજમહેલમાં મુકામ છે. ઉદ્ધવાગમનનો પ્રસંગ આવે છે. ઉદ્ધવાગમનની કથા કહેવામાં કથાકારની કસોટી છે એમ દક્ષિણના મહાત્માઓ માને છે. ઉદ્ધવાગમનમાં જ્ઞાન અને ભક્તિનો મધુર કલહ છે અને મધુર પણ છે. ઉદ્ધવનું નિર્ગુણ જ્ઞાન અને ગોપીઓની શુધ્ધ પ્રેમ લક્ષણા સગુણ ભક્તિ.ભક્તિ અને જ્ઞાનમાં કંઈ અંતર નથી. ભક્તિ જ જ્ઞાનરૂપે પરિણમે છે. સૌ વાચક ચાહક મિત્રોને દિવાળીની ખુબ ખુબ શુભેચ્છા પાઠવું છું.આવનાર ૨૦૮૦નું નવું વર્ષ આપ તથા આપના પરિવાર માટે સર્વદા શ્રેષ્ઠ મંગળકારી બની રહે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ અસ્તુ.

## તમારી છુપાયેલી સર્જનાત્મક પ્રતિભા કેવી રીતે શોધવી



પ્રખ્યાત સ્પેનિશ કલાકાર અને સર્જનાત્મક પ્રતિભા પાબ્લો પિકાસોએ માત્ર મિનિટોમાં નોંધપાત્ર કાર્ય ઉત્પન્ન કરવાની ક્ષમતા કેવી રીતે વિકસાવી તે વિશે એક રસપ્રદ વાર્તા છે. વાર્તા પ્રમાણે, પિકાસો એક દિવસ બજારમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે એક મહિલાએ તેને જોયો. તેણીએ કલાકારને રોક્યો, કાગળનો ટુકડો બહાર કાઢ્યો અને કહ્યું, "શ્રી. પિકાસો, હું તમારા કામનો ચાહક છું. પ્લીઝ, તમે મારા માટે થોડું ડ્રોઈંગ કરી શકશો?" પિકાસો હસ્યો અને ઝડપથી કાગળ પર એક નાનો, પણ સુંદર કલાનો ભાગ દોર્યો. પછી, તેણે કાગળ પાછો તેણીને આપતા કહ્યું, "તે એક મિલિયન ડોલર હશે." "પણ શ્રી પિકાસો," સ્ત્રીએ કહ્યું. "આ નાનકડી માસ્ટરપીસ દોરવામાં તમને માત્ર ત્રીસ સેકન્ડનો સમય લાગ્યો." "મારી સારી સ્ત્રી," પિકાસોએ કહ્યું, "તે માસ્ટરપીસને ત્રીસ સેકન્ડમાં દોરવામાં મને ત્રીસ વર્ષ લાગ્યાં." પિકાસો એકમાત્ર સર્જનાત્મક પ્રતિભા નથી જેણે દાયકાઓ સુધી તેની હસ્તકલામાં નિપુણતા મેળવવા માટે કામ કર્યું. તેમની સફર ઘણી તેજસ્વી સર્જનાત્મકતાની લાક્ષણિકતા છે. નોંધપાત્ર પ્રતિભા ધરાવતા લોકો પણ દાયકાઓની પ્રેક્ટિસ પહેલાં ભાગ્યે જ અવિશ્વસનીય કાર્ય ઉત્પન્ન કરે છે. ચાલો તે શા માટે છે તે વિશે વાત કરીએ, અને તેનાથી પણ વધુ મહત્વપૂર્ણ, તમે તમારી પોતાની સર્જનાત્મક પ્રતિભાને કેવી રીતે પ્રગટ કરી શકો છો. જ્યારે પ્રેરણા અનુભવે છે ત્યારે સર્જન કરે છે. પ્રોફેશનલ્સ શેડ્યૂલ પર બનાવે છે. કોઈ એક કાર્ય તમારી જાતને સતત બનાવવા માટે દબાણ કરવા કરતાં વધુ સર્જનાત્મક પ્રતિભાને ઉજાગર કરશે નહીં. તમારા હસ્તકલાની વારંવાર પ્રેક્ટિસ કરવી એ તેના પર શિષ્ટ બનવાનો એકમાત્ર રસ્તો છે. જે વ્યક્તિ બેસ્ટ સેલિંગ પુસ્તક કેવું લાગે છે તે વિશે સિદ્ધાંતો લખીને બેસી રહે છે તે ક્યારેય લખશે નહીં. દરમિયાન, લેખક જે દરરોજ દેખાય છે અને ખુરશીમાં તેમના બટ અને કીબોર્ડ પર તેમના હાથ મૂકે છે - તેઓ શીખી રહ્યા છે કે કેવી રીતે કાર્ય કરવું. સ્ટીવન પ્રેસફિલ્ડની સૌથી પ્રખ્યાત કૃતિ, ધ લિજેન્ડ ઓફ બેગર વેન્સ, સૌથી વધુ વેચાતી નવલકથા હતી જે મેટ ડેમન, વિલ સ્મિથ અને ચાર્લીઝ થેરોન અભિનીત મુખ્ય મોશન પિક્ચર બની હતી.

## પ્રેરણાના કુલ બે પ્રકાર, સક્રિય પ્રેરણા અને નિષ્ક્રિય પ્રેરણા

પ્રેરણા શોધવામાં આખો દિવસ પસાર કરવો સરળ છે. તમે અદ્ભુત વિડિઓઝ, લેખો અને સમાચાર વાર્તાઓ શોધી શકો છો અને તમારા બધા મિત્રોને ઈમેઈલ કરી શકો છો. પરંતુ શ્રેષ્ઠ (અને સૌથી લાંબા સમય સુધી ચાલતી) પ્રકારની પ્રેરણા તમારા પોતાના લક્ષ્યો માટે પ્રેરણાના તે બહારના બિટ્સ લાગુ કરવાથી આવે છે. કોઈ ભૂલ કરશો નહીં: શીખનાર બનવું મહત્વપૂર્ણ છે. તમામ ક્ષેત્રોમાં સફળ લોકો નવી માહિતી મેળવે છે. તેઓ અન્યના કાર્ય અને સફળતામાં પ્રેરણા અને પ્રેરણા મેળવે છે. પરંતુ અહીં સમસ્યા છે: અન્યની સફળતા અને વિચારોનું સેવન કરવું એ નિષ્ક્રિય પ્રેરણા છે. જ્યારે પણ તમે કોઈ વિડિયો જુઓ છો, કોઈ લેખ વાંચો છો અથવા ઈન્ટરવ્યુ સાંભળો છો, ત્યારે તમે નિષ્ક્રિય પ્રેરણાની પ્રેક્ટિસ કરી રહ્યાં છો. તમે કંઈક શીખી શકો છો, પરંતુ તમારે ખરેખર કંઈ કરવાની જરૂર નથી. અન્ય લોકોની સફળતા વિશે સાંભળવું એ તમારા પોતાના બનાવવા જેવું જ નથી. તેના બદલે, તે સક્રિય પ્રેરણાની પ્રક્રિયા દ્વારા છે. વસ્તુઓ બનાવવાની ક્રિયા, આપણા ધ્યેયો પર નવા વિચારો લાગુ કરવા અને ભૂલો કરવી. કે આપણે શોધીએ છીએ કે આપણે કોણ છીએ અને આપણા માટે શું મહત્વનું છે. વધુમાં, સક્રિય પ્રેરણા એ છે જે લાંબા ગાળાના જુસ્સા અને



ઉત્સાહમાં પરિણમે છે. કોઈ બીજાની સફળતા જોઈને તમે થોડી મિનિટો માટે ઉત્સાહિત થઈ શકો છો, પરંતુ પગલાં લેવાથી અને તમારા જીવનમાં એક નવો વિચાર લાગુ કરવાથી તમને કોઈ બીજું કહી શકે તે કરતાં વધુ પ્રેરણા આપશે. શીખવું અને સાંભળવું તમને વસ્તુઓ વિશે અલગ રીતે વિચારવામાં મદદ કરી શકે છે, પરંતુ બનાવવું, ઉત્પાદન કરવું અને પ્રયોગ કરવો એ તમને આગળ ધપાવે છે. નિષ્ક્રિય પ્રેરણા તમને વિચારો આપી શકે છે, પરંતુ સક્રિય પ્રેરણા તમને ગતિ આપશે. જો તમને કોઈ સારો વિચાર આવે, તો તેનો ઉપયોગ કરો. આપણે એટલો સમય પસાર કરીએ છીએ કે આપણે વધુ પ્રેરણાત્મક વસ્તુઓનો વપરાશ કરવા માટે પ્રયત્ન કરીએ છીએ કે આપણા માટે તે ભૂલી જવાનું સરળ બની શકે છે કે પ્રેરણાનું શ્રેષ્ઠ સ્વરૂપ આપણે જે બનાવીએ છીએ તેમાંથી આવે છે.

તે એક તેજસ્વી વિચારને ઠોકર મારવા અને તેને તમારા કાર્યમાં જીવંત બનાવવા વિશે છે. તે એક નવી વ્યૂહરચના શોધવા અને તેને તમારા પોતાના લક્ષ્યો લાગુ કરવા વિશે છે. તે એક નવી કસરત શીખવા અને તેને તમારા વર્કઆઉટમાં ઉમેરવા વિશે છે. વિચારોનો ઉપયોગ હંમેશા વિચારો કરતાં વધુ શક્તિશાળી હશે.

ઘણી વાર આપણે આપણું જીવન આપણી આસપાસની દુનિયાને બનાવવાને બદલે તેનો વપરાશ કરવામાં વિતાવીએ છીએ. ખાતરી કરો કે, અન્ય લોકોના વિચારોમાં થોડી પ્રેરણા છે, પરંતુ તમારી ક્રિયાઓ તમને પ્રેરણા આપે છે તે શક્તિ વિશે ભૂલશો નહીં. શ્રેષ્ઠ પ્રેરણા વિચારોના ઉપયોગથી આવે છે, તેના વપરાશથી નહીં. પ્રેરણા વિશે વધુ વિચારો માટે, આ લેખો તપાસો: કેવી રીતે પ્રોત્સાહિત થવું, વ્યાવસાયિકો અને એમેચ્યોર વચ્ચેનો તફાવત, કેવી રીતે પ્રારંભ કરવું અને સફળ લોકોની ટેવ. કોઈ એક કાર્ય તમારી જાતને સતત બનાવવા માટે દબાણ કરવા કરતાં વધુ સર્જનાત્મક પ્રતિભાને ઉજાગર કરશે નહીં. તમારા હસ્તકલાની વારંવાર પ્રેક્ટિસ કરવી એ તેના પર શિષ્ટ બનવાનો એકમાત્ર રસ્તો છે. જે વ્યક્તિ બેસ્ટ સેલિંગ પુસ્તક કેવું લાગે છે. તે વિશે સિદ્ધાંતો લખીને બેસી રહે છે તે ક્યારેય લખશે નહીં.

## ટૂંકું, બિનમહત્વપૂર્ણ જીવન જીવવાનો સૌથી સહેલો રસ્તો

યુદ્ધના કેદીઓ કે જેઓ અત્યંત ક્રૂર પરિસ્થિતિઓમાં ટકી રહેવામાં સફળ થયા છે તેઓ વારંવાર દાવો કરે છે કે જીવન ટકાવી રાખવાના સૌથી મહત્વપૂર્ણ પરિબળોમાંનું એક ખોરાક અથવા પાણી નથી, પરંતુ ગૌરવ અને સ્વ-મૂલ્યની ભાવના છે. બીજા શબ્દોમાં કહીએ તો, માત્ર એક જ વસ્તુ જે કેટલાક પુરુષોને અત્યંત ભયંકર સંજોગોમાં જીવંત રાખે છે તે એ માન્યતા છે કે તેઓ જીવંત રહેવા માટે લાયક છે. આને આપણા રોજિંદા જીવનમાં લાગુ કરવાથી, તે સમજાય છે કે દીર્ઘાયુષ્ય એવી સંસ્કૃતિઓમાં પ્રચલિત હશે જ્યાં રોજિંદા જીવનમાં યોગદાન આપવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ચાલો એક સંસ્કૃતિ લઈએ જ્યાં તમારા પાડોશીના ઘરે જવું અને દરરોજ રાત્રે વાત કરવી સામાન્ય છે. સામ-સામે વાતચીત દરમિયાન, તમારે કાં તો ફાળો આપવો પડશે અથવા કોઈ અજબની જેમ ખૂણામાં ચૂપચાપ બેસી રહેવું પડશે. વાતચીતમાં યોગદાન આપવાની ક્રિયા, ભલે તે ગમે તેટલું સરળ લાગે, તમને



સ્વ-મૂલ્યની થોડી સમજ મેળવવાની મંજૂરી આપે છે. વાતચીતનો અર્થપૂર્ણ ભાગ બનવાથી તમને એવું લાગે છે કે તમે તમારા પાડોશીના જીવનનો યોગ્ય ભાગ છો.

જ્યારે તમે વર્ષોથી ઘણી બધી વાર્તાલાપ માં તમારા તમામ નાના યોગદાનનો ઉમેરો કરો છો, ત્યારે એ જોવાનું સરળ છે કે જ્યારે તમે એવી સંસ્કૃતિમાં રહેતા હોવ જ્યાં યોગદાન સામાન્ય હોય ત્યારે તમે સ્વ-મૂલ્યની મજબૂત ભાવના કેવી રીતે વિકસાવી શકો છો. તમે જે બનાવો છો અને યોગદાન આપો છો તેનાથી તમે બીજાના જીવનનો માર્ગ બદલી નાખો છો. જ્યારે તમે બોલો છો, લખો છો અથવા કાર્ય કરો છો, ત્યારે તમે તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો છો. જ્યારે તમે વિશ્વમાં કંઈક યોગદાન આપો છો, ત્યારે તમે મહત્વપૂર્ણ છો. અને આમ બનાવવાની ક્રિયા તમારી સ્વ-મૂલ્યની લાગણીઓને વધારે છે. તે મહત્વપૂર્ણ છે અને તે ઘણીવાર ઑનલાઇન ખોવાઈ જાય છે. ફાળો આપવાને બદલે અમારો સમય ખર્ચવામાં વધુને વધુ સરળ બની રહ્યું છે. સ્માર્ટફોન, આઈપેડ અને કિન્ડલ્સ. ટ્વિટર અને ફેસબુક. સામાન્ય રીતે વેબ. મોટાભાગનો સમય આપણે તે ઉપકરણો અને નેટવર્ક્સ પર વિતાવીએ છીએ તે આપણા પોતાના વિચારો અને કાર્યમાં યોગદાન આપવાને બદલે બીજા કોઈએ જે બનાવ્યું છે તેનો વપરાશ કરવામાં ખર્ચવામાં આવે છે. પરિણામ, હું માનું છું કે, આપણી સ્વ-મૂલ્યની ભાવના ધીમે ધીમે ઘટતી જાય છે અને આપણું જીવન ઓછું સ્વસ્થ, ઓછું સુખી અને ઓછું અર્થપૂર્ણ બને છે.

## જાણો મોટી સમસ્યાઓ કેવી રીતે ઉકેલવી



ઉપર જણાવેલ મુખ્ય પાઠ સરળ છે: જ્યારે તમે કોઈ જટિલ સમસ્યાનો સામનો કરી રહ્યાં હોવ અથવા કંઈક બોલ્ડ કરવાનો પ્રયાસ કરી રહ્યાં હોવ, ત્યારે મોટી સમસ્યાના નાના સંસ્કરણથી પ્રારંભ કરો. તે નાની સમસ્યા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરો અને તેને હલ કરો. મોટા મુદ્દાના તમારા જ્ઞાનને વિસ્તૃત કરવા માટે આ નાના મુદ્દાના જવાબોનો ઉપયોગ કરો. પુનરાવર્તન કરો. જો તમે આજુબાજુ નજર નાખો, તો તમે આ પેટર્ન બધે ચાલતી જોઈ શકશો. ઉદાહરણ તરીકે, એમેઝોનનો વિચાર કરો. કંપનીએ પુસ્તકો વેચીને શરૂઆત કરી. એકવાર તેઓ પુસ્તકોની ઑનલાઇન ખરીદી અને ડિલિવરી પ્રક્રિયામાં નિપુણતા પ્રાપ્ત કર્યા પછી, તેઓ અન્ય ઉત્પાદનો તરફ આગળ વધ્યા. આજે, તેઓ લગભગ બધું જ વેચે છે. એમેઝોન મોટી સમસ્યાને હલ કરવાનો પ્રયાસ કરીને શરૂઆત કરી શક્યું હોત: આપણે ડિજિટલ કોમર્સમાં કેવી રીતે નિપુણતા મેળવી શકીએ? તેના બદલે, તેઓએ સંકુચિત ધ્યાન સાથે શરૂઆત કરી અને ત્યાંથી વિસ્તરણ કર્યું. તે ઘણી વખત સાબિત થયું છે કે આ નાનો-થી મોટો અભિગમ વ્યવસાયો માટે સારી રીતે કામ કરે છે, અને મને લાગે છે કે તે આપણા વ્યક્તિગત ધ્યેયો માટે પણ ખૂબ ઉપયોગી થઈ શકે છે. ચાલો આપણે આપણી પોતાની સમસ્યા હલ કરવાની કુશળતા વિકસાવવા માટે આ વિચારને કેવી રીતે અમલમાં મૂકી શકીએ તેના થોડા ઉદાહરણો ધ્યાનમાં લઈએ. ચાલો આપણે આપણી પોતાની સમસ્યા હલ કરવાની કુશળતા વિકસાવવા માટે આ વિચારને કેવી રીતે અમલમાં મૂકી શકીએ તેના થોડા ઉદાહરણો ધ્યાનમાં લઈએ. સર્જનાત્મકતા. મોટી સમસ્યા: હું કેવી રીતે વધુ સર્જનાત્મક બની શકું? નાનો ઉપાય: જો તમારે સારા ફોટોગ્રાફર બનવું હોય તો નાની શરૂઆત કરો. ખુરશીની ખરેખર સારી તસવીર કેવી રીતે લેવી તે જાણો. એકવાર તમે ખુરશીનું અદભૂત ચિત્ર લઈ શકો તે પછી, તે સિદ્ધાંતોનો ઉપયોગ કરો. પ્રકાશ, રચના, રેખાઓ, વળાંક, દરેક વસ્તુના વધુ સારા ચિત્રો લેવા માટે. કસરત. મોટી સમસ્યા: હું સતત કસરત કેવી રીતે શરૂ કરી શકું? નાનો ઉકેલ: જો તમે ફિટનેસ કોડને ક્રેક કરી શકતા નથી અને સતત કસરત કરવા માટે સંઘર્ષ કરી શકતા નથી, તો પછી દરેક અન્ય કસરત વિશે ભૂલી જાઓ અને ફક્ત એક પુશઅપ કેવી રીતે કરવું તે શીખો. તમારી સંખ્યા ધીમે ધીમે વધારવા માટે મેં અહીં વર્ણવેલ પગલાંનો ઉપયોગ કરો. દિવસો, અઠવાડિયા, મહિનાઓ માટે તે એક કસરત સાથે વળગી રહો.

BOLLYWOOD NEWS FLASH

## દિપીકાના just looking like a wow એ તોડયા તમામ રેકોર્ડ

| મુંબઈ, તા.૧૧ |

આખી દુનિયા બોલિવૂડની લેડી સ્ટાર દીપિકા પાદુકોણ માટે દીવાની છે. અભિનેત્રી ગમે તે કહે લોકોને તે સાંભળવું ગમે છે. ઈન્સ્ટાગ્રામ પર પણ દીપિકાની ઘણી મોટી ફેન ફોલોઈંગ છે. હાલમાં અભિનેત્રીએ તેના ચાહકો સાથે એક વીડિયો શેર કર્યો હતો, જે વપરાશકર્તાઓ દ્વારા ખૂબ જ પસંદ કરવામાં આવ્યો હતો. થોડા દિવસો પહેલા અભિનેત્રીએ એક રમુજી વીડિયો શેર કર્યો હતો. દીપિકાના ફેન્સ અને સેલેબ્સે આ રીલ પર ફની રિએક્શન આપ્યા હતા. લોકોને આ વીડિયો એટલો ગમ્યો કે હવે આ વીડિયો ઈન્સ્ટાગ્રામ પર સૌથી વધુ જોવામાં આવતો વીડિયો બની ગયો છે. એક રિપોર્ટ મુજબ દીપિકા પાદુકોણના આ વીડિયોને ૧૮૫ મિલિયન વ્યૂઝ મળ્યા છે. જે પોતાનામાં એક મોટી વાત છે. આ સાથે દીપિકાનો આ વીડિયો હવે ઈન્સ્ટાગ્રામ પર સૌથી વધુ જોવામાં આવતો વીડિયો બની ગયો છે. તમને જણાવી દઈએ કે દીપિકાએ પોતાના ટ્રોલ્સને જડબાતોડ જવાબ આપવા માટે આ વીડિયો બનાવ્યો હતો.



## સાડી અને ડીપ નેક બ્લાઉઝમાં કાતિલ પોઝમાં આપતી જોવા મળી મોનાલિસા

| મુંબઈ, તા.૧૧ |

એક્ટ્રેસ મોનાલિસાએ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી કેટલીક તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં મોનાલિસા સાડીમાં જોવા મળી હતી. મોનાલિસા કેમેરાની સામે પોતાની સુંદરતા એવી રીતે બતાવે છે કે દર્શકો પણ તેની સુંદરતાના વખાણ કર્યા વગર પોતાને રોકી શકતા નથી. તો બીજી તરફ, હવે બોલ્ડ અભિનેત્રી મોનાલિસાએ સોશિયલ મીડિયા પર એવા ફોટા શેર કર્યા છે જે લોકોના હોશ ઉડી રહ્યા છે. આ તસવીરોમાં મોનાલિસા સાડી પહેરીને એવી રીતે પોઝ આપી રહી છે કે જોનારા પણ દંગ રહી જાય. મોનાલિસાની લેટેસ્ટ તસવીરો ઝડપથી વાયરલ થઈ રહી છે મોનાલિસા પોતાની લેટેસ્ટ તસવીરોથી સોશિયલ મીડિયા પર એવી છવાઈ ગઈ છે કે તસવીરો જોતાં જ વાયરલ થઈ રહી છે. મોનાલીસાને આજે ઈન્ડસ્ટ્રીમાં અન્ય કોઈ ઓળખની જરૂર નથી. મોનાલીસાના સોશિયલ મીડિયા પર ૫૦ લાખથી વધુ ફોલોઅર્સ છે.



## અનન્યા પાંડેએ ધનતેરસ પર મુંબઈમાં ખરીદ્યુ ઘર



| મુંબઈ, તા.૧૧ |

આ સમયે દરેક લોકો તહેવારોની ઉજવણીમાં ડૂબેલા હોય છે. ૧૨મી નવેમ્બરે દેશભરમાં દિવાળીની ઉજવણી કરવામાં આવશે. આજે સમગ્ર દેશમાં ધનતેરસની ઉજવણી સામાન્ય લોકો તેમજ સેલેબ્સ દ્વારા ખૂબ જ ધામધૂમથી કરવામાં આવી રહી છે. આ ધનતેરસ પર અભિનેત્રી અનન્યા પાંડેએ પણ એક ખૂબ જ કિંમતી વસ્તુ ખરીદી છે, જેની સાથે તેની દિવાળી વધુ ખાસ બનવાની છે. બોલીવૂડ અભિનેત્રી અનન્યા પાંડેએ મુંબઈમાં પોતાનું એક ખૂબ જ આલીશાન ઘર ખરીદ્યું છે. અભિનેત્રીએ પોતે આ માહિતી તેના ચાહકો સાથે શેર કરી છે. અનન્યા પાંડેએ તેના ઈન્સ્ટાગ્રામ પર તેના ઘરના ગૃહ પ્રવેશની કેટલીક તસવીરો પોસ્ટ કરી છે. પહેલા ફોટામાં અભિનેત્રી પૂજા માટે બનેલા મંદિર પાસે હાથ જોડીને બેઠી છે. અનન્યાએ આગળની સ્લાઈડમાં એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં તે પોતાના ઘરની બહાર શ્રીફળ વધેરતી જોવા મળી રહી છે. આ સાથે તેણે કેપ્શનમાં લખ્યું - મારું પોતાનું ઘર...આ નવી શરૂઆત માટે, તમારા બધાના પ્રેમ અને સારા વાઈબ્સની જરૂર છે. સૌને ધનતેરસની શુભકામના. તમને જણાવી દઈએ કે અનન્યાને તેની સફળતા માટે ખૂબ અભિનંદન મળી રહ્યા છે. તેની માતા ભાવનાથી લઈને શિલ્પા શેટ્ટી અને કઝીન અલાયના પાંડે તેઓ તેની પોસ્ટ પર કોમેન્ટ કરીને અભિનેત્રીને અભિનંદન આપી રહ્યાં છે. અનન્યાની માતા ભાવનાએ કોમેન્ટ કરીને લખ્યું - 'પ્રાઉડ ઓફ યુ.' શિલ્પાએ કોમેન્ટ કરીને લખ્યું છે - 'ઘણા અભિનંદન મારી પ્રિય અનન્યા'. આલિયાએ લખ્યું- 'આ જોવા માટે રાહ નથી જોઈ શકતી. ખૂબ ખૂબ અભિનંદન.

## એક્ટર સાથે જેકી શ્રોફની પત્નીનુ એક્સ્ટ્રા મેરિટલ અફેર

| મુંબઈ, તા.૨૧ |

જેકી શ્રોફને બૉલિવુડના દિગ્ગજ અભિનેતા કહેવામાં આવે છે અને તેમણે ઈન્ડસ્ટ્રીમાં ઘણી શાનદાર ફિલ્મોમાં પણ કામ કર્યું છે. તેમણે પોતાના જીવનમાં ઘણો સંઘર્ષ કર્યો છે અને એક સમય એવો હતો જ્યારે તેમની પાસે તેની સ્કૂલની ફી ભરવા માટે પણ પૈસા નહોતા. પરંતુ આજે તે બોલિવૂડનો સુપરસ્ટાર ગણાય છે. પોતાના અભિનયથી તેમણે ઈન્ડસ્ટ્રીમાં પોતાનું એક ખાસ નામ બનાવ્યું. જેકી શ્રોફે આયેશા શ્રોફ સાથે લગ્ન કર્યા હતા. પરંતુ વર્ષ ૨૦૦૯ દરમિયાન તેમની પત્ની આયેશાનું તેના કરતા ૧૭ વર્ષ નાના અભિનેતા અને મોડલ સાહિલ સાથે અફેર સામે આવ્યું હતું. બ્રેકઅપ બાદ સાહિલે ખુલાસો કર્યો હતો કે તે મને મોંઘી ગિફ્ટ્સ અને હોલિડે પર ખર્ચેલા પૈસા પરત કરવા કહેતી હતી. પરંતુ આ મામલો ત્યારે ચર્ચામાં આવ્યો જ્યારે આયેશાએ સાહિલને ગે કહ્યો. જોકે, બાદમાં આ મામલો સંપૂર્ણપણે ઢાંકી દેવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે સાહિલ ખાન વર્ષ ૨૦૦૧માં રિલીઝ થયેલી ફિલ્મ સ્ટાઈલમાં જોવા મળ્યો હતો. તેણે પોતાની કારકિર્દીમાં માત્ર પાંચ ફિલ્મોમાં કામ કર્યું છે. વર્ષ ૨૦૦૯માં, આયેશા શ્રોફ એટલે કે ટાઈગર શ્રોફની માતાના પોતાનાથી ૧૭ વર્ષ નાના અભિનેતા સાથેના કથિત સંબંધો પ્રકાશમાં આવ્યા.



વાસ્તવમાં એક પ્રોડક્શન કંપનીમાં જોઈન્ટ વેન્ચરના સમયે બંનેનું અફેર શરૂ થઈ ગયું હતું. પરંતુ આ મામલો ત્યારે ચર્ચામાં આવ્યો જ્યારે આયેશાએ ૨૦૧૪માં સાહિલ સામે કેસ કર્યો હતો. સાહિલના વકીલે કોર્ટમાં આયેશા અને તેની ઈન્ટિમેટ તસવીરો પણ રજૂ કરી હતી. આ તસવીરો દરમિયાન બંને વાંધાજનક સ્થિતિમાં જોવા મળ્યા હતા. બાદમાં આયેશાએ તે તસવીરો અને અફવાઓને નકારી કાઢી હતી અને સાહિલને ગે કહ્યો હતો. આયેશા શ્રોફની વાત કરીએ તો તે એક મોડલ અને એક્ટ્રેસ છે. આ સિવાય તેણે વર્ષ ૧૯૮૪માં મોહનીશ બહલ સાથે તેરી બાહોમે ફિલ્મમાં કામ



કર્યું હતું. બાદમાં, ૫ જૂન, ૧૯૮૭ના રોજ, તેણે તેના લાંબા સમયના બૉયફ્રેન્ડ જેકી શ્રોફ સાથે લગ્ન કર્યા. બાદમાં અભિનય છોડી દીધો અને ફિલ્મ નિર્માતા બની.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સાબરમતી મધ્યસથ જેલની મુલાકાતે

## ઝીરો બજેટ પ્રાકૃતિક ખેતી અને કેદીઓના સુધારાત્મક વહીવટ બાબતે આપ્યું માર્ગદર્શન



। અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ મધ્યસ્થ જેલ તથા ઓપન જેલ ખાતે તા. ૧૦/૧૧/૨૦૨૩ના રોજ સવારના ૧૧/૦૦ કલાકે ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતનાઓ "ઝીરો બજેટ પ્રાકૃતિક ખેતી" તથા કેદીઓના સુધારાત્મક વહીવટ બાબતે જેલની મુલાકાત માટે પધારેલ હતા.

જેમાં જેલોના વડા શ્રી ડો.કે.એલ.એન.રાવ, અધિક પોલીસ મહાનિર્દેશક, જેલ અને સુધારાત્મક વહીવટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ તથા શ્રી એ.જી ચૌહાણ, નાયબ પોલીસ મહાનિરીક્ષક, જેલ અને સુધારાત્મક વહીવટ, ગુજરાત રાજ્ય, તથા જાણીતા શિક્ષણવિદ ઈન્દુ રાવ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અમદાવાદ, વડોદરા, લાજપોર (સુરત) અને રાજકોટ મધ્યસ્થ જેલોના અધિક્ષકશ્રીઓ મંચસ્થ રહ્યા હતા તેમજ અમદાવાદ જેલના આધિકારીઓ/કર્મચારીઓ અને જેલમાં થતી કેદી સુધારણા અને સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલ અગ્રણી સંસ્થાઓના પ્રતિનિધીઓ પણ કાર્યક્રમમાં પધારેલ હતા.

અત્રેની જેલમાં ઓપન જેલ ખાતે મહામહિમ રાજ્યપાલશ્રીઓનું સન્માન ગાર્ડ દ્વારા ગાર્ડ ઓફ ઓર્નર આપી સન્માન કરેલ હતું. ત્યારબાદ ઓપન જેલમાં કેદીઓ દ્વારા બનાવેલ ઔષધિવન, તેમના દ્વારા કરાતી ખેતીની પ્રવૃત્તિઓ અને જૈલ ગૌશાળા ખાતે આવેલ પશુધનનું પણ નિરીક્ષણ કરવામાં આવેલ હતું. જેલમાં કરાતી ખેતીને કેવી રીતે વધુ ને વધુ ઉપજાઉં અને પ્રાકૃતિક બનાવી શકાય તે અંગે મહામહિમ દ્વારા માર્ગદર્શન પણ અપાયું હતું.

ત્યારબાદ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે આવેલ ગાંધી યાર્ડની વીઝીટ કરીને મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી અર્પણ કરેલ હતી તથા ગુજરાત જેલ વિભાગમાં ચાલતા વિવિધ વ્યવસ્થાયલક્ષી કાર્યક્રમો, જેલ ઉદ્યોગમાં બંદીવાનો દ્વારા બનાવવામાં આવતી વિવિધ કૃતિઓ પ્રદર્શન સ્ટોલ, વિવિધ સંસ્થાની સારી કામગીરીની પ્રદર્શની અને બંદીવાનો દ્વારા બનાવયેલ પેઈન્ટિંગ નિહાળી હતી. ત્યારબાદ સરદાર યાર્ડ ખાતે, કૌશલ્ય વિકાસ કેન્દ્રની પણ મુલાકાત લીધેલ હતી. બાદમાં જેલ ઓપન ઓડીટોરીયમ ખાતે મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતનાઓ દ્વારા જેલમાં સારી અને સુંદર કામગીરી કરતા ૦૫(પાંચ) કેદીઓને પ્રમાણપત્ર આપીને બીરદાવ્યા હતા અને જેલમાં કેદીઓના ઉત્કર્ષ માટે સેવાકીય પ્રવૃત્તિ કરતી, વ્યવસ્યાયલક્ષી, કૌશલ્ય વિકાસ, અને આત્મનિર્ભર બનાવતી વિવિધ ૧૨(બાર) સંસ્થાઓને પણ પ્રમાણપત્ર રાજ્યપાલશ્રીના હસ્તે એનાયત કરી સન્માનિત કરવામાં આવેલ હતા.

ત્યારબાદ મહામહિમ રાજ્યપાલશ્રીઓ દ્વારા બંદીવાનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિમાં પ્રાસંગિક સંબોધન કરતા તમામ બંધિવાનોને થયેલ ભૂલને સ્વીકારી જેલવાસને પ્રવૃત્તિમય અને મહત્તમ ફળદાયી બનાવવા સમજણ આપી હતી. સંબોધનમાં મહામહિમ દ્વારા વેદો અને સંસ્કૃત સાહિત્યના સંદર્ભ ટાંકી કર્મના સિદ્ધાંત અને સફળ જીવન જીવવા બાબતે ઊંડાણ-પૂર્વક સમજ આપી હતી.

# રાજકોટ મહાનગરપાલિકા ખાતે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"ના આયોજન અંગેની બેઠક મ્યુ. યોજાઈ



। રાજકોટ, તા.૧૧ ।

રાજકોટ મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"ના સુચારૂ આયોજન અંગેની બેઠક યોજાઈ હતી. આ યાત્રા સમગ્ર દેશમાં ૧૫ નવેમ્બરથી ૨૬ જાન્યુઆરી દરમિયાન યોજાશે.

આ અન્વયે રાજકોટ શહેરમાં "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"નો શુભારંભ કરવામાં આવશે. જેમાં સરકારશ્રીના છેલ્લા દસ વર્ષના વિકાસ કામો અંગે જાણકારી અપાશે. તેમજ વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભોનું વિતરણ મહાનુભાવો - અધિકારીઓના હસ્તે કરાશે. જે અંતર્ગત સ્થાનિક કક્ષાએ સમિતિની રચના, રથના રૂટ પર લોજીસ્ટિકસની વ્યવસ્થા તેમજ યાત્રા માટે વ્યક્તિગત લાભાર્થીઓ યોજનાઓનો લાભ મળે તે અંગે આગોતરી તૈયારી વગેરેની સુચના મ્યુ. કમિનશનરે આપી હતી. આ બેઠકમાં ડેપ્યુટી કમિશનર અનિલ ધામેલીયા, શ્રીચેતન નંદાણી, લીડ બેંકના ઓફિસરશ્રી નરેન્દ્ર સોલંકી, પ્રોજેકટ ઓફિસરશ્રી કાશ્મીરા વાઢેર સહિતના સંલગ્ન વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### આરોગ્યમંત્રીશ્રી આઠમા રાષ્ટ્રીય આયુર્વેદ દિન અંતર્ગત

# મહેસાણા જિલ્લા પંચાયત ખાતેયજ્ઞ તથા ધન્વંતરી પૂજનમાં જોડાયા



। મહેસાણા, તા.૧૧ ।

આરોગ્યમંત્રીશ્રી ઋષિ-કેશ પટેલ મહેસાણા જિલ્લા પંચાયત ખાતે આઠમા રાષ્ટ્રીય આર્યુવેદ દિન અંતર્ગત યજ્ઞ તથા ધન્વતંરી પૂજનમાં જોડાયા હતા. ગુજરાત સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ નિયામકશ્રી આયુષની કચેરી ગાંધીનગર તથા જિલ્લા વિકાસ અધિકારી મહેસાણાના માર્ગદર્શન હેઠળ આર્યુવેદ શાખા જિલ્લા પંચાયત મહેસાણા દ્વારા આઠમો રાષ્ટ્રીય આર્યુવેદ દિની ઉજવણી કરવામાં આવી હતી.

આર્યુવેદ ફોર વન હેલ્થ અને હર દિન હર કીસી કે લીયે આર્યુવેદ અભિયાન અંતર્ગત ભગવાન ધનવંતરી જયંતિ તથા ધનવંતરી પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ તૃષાબેન પટેલ, અગ્રણી ગીરીશભાઈ રાજગોર જિલ્લા વિકાસ અધિકારી ડો ઓમ પ્રકાશ, આરોગ્ય અધિકારી, આર્યુવેદ અધિકારી સહિત જિલ્લા પંચાયતના અધિકારીઓ, પદાધિકારીઓ જોડાયા હતા

# ભારતના ચૂંટણીપંચ દ્વારા મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ

। અમરેલી, તા.૧૧ ।

ભારતના ચૂંટણીપંચ દ્વારા તા.૦૧.૦૧.૨૦૨૪ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ જાહેર કરવામાં આવ્યો છે. તા.૨૭.૧૦.૨૦૨૩ (શુક્રવાર) થી શરુ થયેલા આ અભિયાન આગામી તા.૦૯ ડિસેમ્બર, ૨૦૨૩ (શનિવાર) સુધી નક્કી કરવામાં આવ્યું છે. તા.૦૧.૦૧.૨૦૨૪ની સ્થિતિએ લાયકાત ધરાવતા ભારતના નાગરિકો મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવી શકશે તેમજ મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો પોતાની વિગતોમાં સુધારા કરાવી શકશે. આગામી તા.૨૬.૧૧.૨૦૨૩ (રવિવાર), તા.૦૨.૧૨.૨૦૨૩ (શનિવાર) તથા તા.૦૩.૧૨.૨૦૨૩ (રવિવાર)ના રોજ ખાસ ઝુંબેશના દિવસો રહેશે. આ ખાસ ઝુંબેશના દિવસો દરમિયાન જિલ્લામાં સમાવિષ્ટ ૧,૩૭૧ મતદાન મથ-કો ખાતે બુથ લેવલ અધિકારીઓ સવારે ૧૦.૦૦ કલાક થી સાંજે ૦૫.૦૦ કલાક સુધી ઉપસ્થિત રહી મતદારયાદીમાં નામ નોંધણી સુધારા/કમી માટેનો ફોર્મ્સ સ્વીકારશે.

જિલ્લામાં વસવાટ કરતા દેશના યુવા નાગરિકો વધુમાં વધુ મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી-વ-કલેકટરશ્રી, અમરેલી તરફથી જાહેર અપીલ કરવામાં આવે છે.

### વાસ્મો, ખેતીવાડી, આરોગ્ય સહિત સરકારની ૧૭ યોજનાના લાભો ઘર ઘર સુધી પહોંચાડવાનું આયોજન

# ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર શ્રી એચ.કે.વઢવાણિયાના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રાના સુચારૂ આયોજન માટે બેઠક યોજાઈ

। ગીર સોમનાથ, તા.૧૧ ।

જિલ્લાના છેવાડાના નાગરીકો સુધી સરકારશ્રીની કલ્યાણલક્ષી યોજનાઓનો લાભ પહોંચાડવા માટે અને વિવિધ યોજનાઓની જાગૃતિ તેમજ પ્રસાર થાય તેવા શુભહેતુસર રાજ્યમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં પણ તા.૨૨ નવેમ્બરથી બે માસ સુધી વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાશે. જિલ્લા કલેક્ટર શ્રી એચ. કે. વઢવાણિયાના અધ્યક્ષસ્થાને આ યાત્રાનું સુચારૂ આયોજન થાય તે અંતર્ગત બેઠક યોજાઈ હતી. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના સુચારૂ આયોજન માટે કલેકટર કચેરી સભાખંડ ખાતે મળેલી બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી એચ.કે.વઢવાણિયાએ શીર્ષ અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા એ લોકસેવાના હેતુસર યોજાનાર યાત્રા છે. આ યાત્રા દરમિયાન જેમને સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભો મળવાપાત્ર હોય તેવા તમામ સુધી પહોંચીને યોજનાઓનો લાભ આપવાનો છે. આ ઉપરાંત ગામડાઓમાં ગ્રામ સભા, આરોગ્ય કેમ્પનું પણ આયોજન કરવામાં આવશે. સરકારશ્રીની વિવિધ યોજનાઓમાં પાત્રતા ધરાવતા એકપણ લાભાર્થી છૂટી ન જાય એ દિશામાં પ્રયત્નો કરવા કલેક્ટરશ્રીએ શીર્ષ અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. આ ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારી શ્રી રવિન્દ્ર ખતાલેએ પણ સરકારની વિવિધ યોજનાઓની માહિતી જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં પણ છેવાડાના તમામ લોકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. વધુમાં તેમણે યાત્રા દરમિયાન લાભો મળવાપાત્ર હોય એવા લાભાર્થીની નોંધણી કરવા અને વિવિધ યોજનાકીય કામગીરીના યોગ્ય પ્રચાર-પ્રસાર થકી લોકોની સામાજિક અને આર્થિક પ્રગતિ ઉજાગર કરવા જણાવ્યું હતું. ઉપરાંત તેમણે ઉમેર્યુ હતું કે, પ્રથમ તબક્કામાં વેરાવળ, ઉના અને સુત્રાપાડા ખાતે રોજના બે ગામોમાં આ યાત્રા મુકામ કરશે. આ માટે જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાએ અમલીકરણ સમિતિની રચના કરવાની સાથે નોડેલ અધિકારીઓની પણ નિમણૂંક કરવામાં આવશે. નોંધનીય છે કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન આયુષ્માન ભારત યોજના, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, દીનદયાલ અંત્યોદય યોજના, પ્રધાન મંત્રી આવાસ યોજના (રૂરલ), પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક કૃષિ, ખેતીવાડી સહિત ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવી છે. સરકારશ્રીની આ ૧૭ જેટલી યોજનાઓની માહિતી અને લાભો ઘરઘર સુધી પહોંચાડવા માટે ગીર સોમનાથ જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા તમામ ગામમાં ફરશે. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંજૂલાબહેન મૂછાર, અધિક કલેક્ટર શ્રી બી.વી.લિંબાસિયા, ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી દર્શનાબહેન ભગલાણી, પ્રાંત અધિકારી શ્રી કે.વી.બાટી, વાસ્મો ડિસ્ટ્રીક્ટ કો ઓર્ડિનેટર અલ્કાબહેન મકવાણા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સહિત આરોગ્ય, ખેતીવાડી સહિત સંબંધિત વિભાગોના શીર્ષ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



ભરતભાઈ એ. પંડ્યા દિવડા કોલોની, તા.૧૧

દિવડા કોલોની થી અમદાવાદ બસ સેવા શરૂ. ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર દ્વારા લુણાવાડા એસ.ટી. ડેપો મેનેજર દ્વારા દિવડા કોલોનીથી અમદાવાદ નાઈટ આઉટ બસ સવારે ૭-૦૦ કલાકે અમદાવાદ જવા ઉપડસે.શ્રી ભરતભાઈ, શ્રી પ્રદીપસિંહ, શ્રી ગટુભાઈ, શ્રી હરીશભાઈ, શ્રી વિનુભાઈ, શ્રી વિસ્વજીતસિંહ, શ્રી ચંદ્રકાંતભાઈ તેમજ વસાહતના અનેક જાગૃત ભાઈઓએ બસના ડ્રાઈવર, કંડકટર ને મીઠાઈ આપી ફૂલના હાર ચડાવીને સ્વાગત કર્યું હતું આજરોજ નવો રૂટ ચાલુ થતા દિવડા કોલોની ની પ્રજામાં આનંદની લાગણી ફેલાઈ હતી.

### શ્રમિક અન્ન પૂર્ણા યોજના અંતર્ગત રાહત દરે પ્રતિ ભોજન દીઠ રૂ.૫ માં ભોજન આપવામાં આવે છે

# હિંમતનગર ખાતે નવીન શ્રમિક અન્ન પૂર્ણા યોજના અંતર્ગત નવીન ભોજન કેન્દ્રોનું ઉદઘાટન કરતા મંત્રી ભીખુસિંહ પરમાર



। હિંમતનગર, તા.૧૧ ।

સાબરકાંઠા જિલ્લામાં રાજ્યકક્ષાના અન્ન અને નાગરીક પુરવઠા તથા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારના હસ્તે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ આયોજિત શ્રીમતિ સવિતાબેન માણેકલાલ રાજચંદ ગાંધી,દિગંબર જૈન સમાજવાડી,મહાવીરનગર,હિંમતનગર ખાતે શ્રમિક અન્ન પૂર્ણા યોજના અંતર્ગત નવીન ભોજન કેન્દ્રોનું ઉદઘાટન કરાયુ હતું. આ કાર્યક્રમમાં રાજ્યકક્ષા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારે જણાવ્યું હતું કે રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા શ્રમયોગીઓની સામાજિક સુરક્ષા અને કલ્યાણ માટે અવિરતપણે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.સમગ્ર રાજ્યમાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં વરદ હસ્તે ૧૫૫ કડિયાનાકા ઉપર ભોજન વિતરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાનાં શ્રમિકો માટે શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત કુલ ચાર ભોજન વિતરણ કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.જેમાં શ્રમિકોને શુદ્ધ અને સાત્વિક ભોજન આપવામાં આવશે. આ યોજના બાંધકામ શ્રમિકો માટે લાભદાયી નીવડશે. આ યોજના થકી જિલ્લાનાં કોઈ પણ શ્રમિકને ભૂખ્યા સૂવું નહિ પડે.

વધુમાં સંવેદનાશીલ સરકાર દ્વારા લોકકલ્યાણ માટે ધન્વન્તરી આરોગ્ય રથ યોજના, શિક્ષણ સહાય યોજના, વ્યવસાયિક રોગમાં સહાય યોજના, શ્રમિક પરિવહન યોજના, ગો ગ્રીન શ્રમિક યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોત વીમા યોજના જેવી યોજનાઓ અમલી છે. જેને વધુમાં વધુ જિલ્લાના શ્રમિકો લાભ લે તે અંગે જણાવ્યું હતું.

શ્રમિક અન્ન પૂર્ણા યોજના અંતર્ગત ઈ- નિર્માણ કાર્ડ ધરાવતા બાંધકામ શ્રમિકો અને તેના પરિવારનાં સભ્યોને રાહત દરે પ્રતિ ભોજન દીઠ રૂ.૫/- માં ભોજન આપવામાં આવે છે. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી વી.ડી ઝાલાએ જણાવ્યું હતું કે સંવેદનશીલ સરકારે હંમેશા છેવાડાનાં લોકોનાં હિત માટે પ્રયત્નશીલ રહી છે. જે માટે અનેકવિધિ લોક કલ્યાણકારી યોજનાઓ અમલી છે. શ્રમિક અન્ન પૂર્ણા યોજના અંતર્ગત જિલ્લામાં ચાર નવીન ભોજન કેન્દ્રોનું ઉદઘાટન કરી સરકારે શ્રમિકોને દિવાળીની ભેટ આપી છે. આ કાર્યક્રમ દરમિયાન રાજ્યકક્ષાનાં કાર્યક્રમને નિહાળવામાં આવ્યો હતો. તેમજ મહાનુભાવોનાં હસ્તે લાભાર્થીઓને સહાય વિતરણ તેમજ ભોજન વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત જિલ્લામાં રાધેય સ્વીટમાર્ટ પાસે, છાપરીયા કડીયાનાકા,હિંમનગર ખાતે સાંસદશ્રી દિપસિંહ રાઠોડના હસ્તે, મહાવીરનગર ચાર રસ્તા,કડીયાનાકા, હિંમતનગર ખાતે ધારાસભ્યશ્રી વી.ડી ઝાલાના હસ્તે, ભાખરીયા બસ સ્ટેન્ડ,પ્રાંતિજ ખાતે પ્રાંતિજ ધારાસભ્યશ્રી ગજેન્દ્રસિંહ પરમારના હસ્તે, ઈડર ટાવર ચોક,કડીયાનાકા,ઈડર ખાતે ઈડર ધારાસભ્યશ્રી રમણલાલ વોરાના હસ્તે શ્રમિક અન્ન પૂર્ણા યોજના અંતર્ગત નવા કેન્દ્રોનું ઉદઘાટન કરાયું હતું.

### કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે અમરેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની મુલાકાત લીધી

# નાણાકીય આયોજનના કારણે કોઈ પણ ખેડૂતને સહાય મેળવવામાં બાકી ન રહે તેના માટે રાજ્ય સરકાર દ્વારા આયોજન : કૃષિમંત્રીશ્રી

। અમરેલી, તા.૧૧ ।

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ખેડૂતોની આવક બમણા કરી આત્મનિર્ભર કૃષિ બનાવવાના લક્ષ્યને આગળ લઈ જવાની દિશામાં અમરેલી મુકામે કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે અમરેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી હતી. આ ઉપરાંત પાક વીમા, ખેડૂતોને કુદરતી સંકટથી થતી નુકસાનીના કિસ્સામાં સો ટકા વળતર મળી રહે તે મુદ્દે સાંસદશ્રી નારણભાઈ કાછડિયા, વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરીયા, સમિતિના ચેરમેનશ્રી શૈલેષભાઈ સંઘાણી, ડીરેક્ટરશ્રી પી.પી.સોજીત્રા, અમરેલીના પૂર્વ ધારાસભ્યશ્રીઓ તેમજ કૃષિ અને સહકાર ક્ષેત્રના અગ્રણીઓ અને સમિતિના સભ્યો સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ ચર્ચામાં કૃષિ મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, ખેડૂતોને નુકસાનીના કિસ્સામાં મળતી સહાયમાં હાલમાં કેન્દ્ર સરકારની અને રાજ્ય સરકારની સહભાગીદારી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માનસિક તાણ ઘટાડશે. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે. આજે તમને આ સંગીત સાંભળવા મળશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. મિત્રની કોઈ સમસ્યા તમને ખરાબ લગાડી શકે છે અથવા ચિંતાતુર કરી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો. તમારો દેખાવ સુધારે એવા ફેરફાર કરો તથા ભાવિ ભાગીદારોને આકર્ષો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં અને હળવાશ અનુભવવા માટે તમને જે ક્રમમાં ચીજો કરવી ગમે છે તેમ કરો. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. દીકરીની બીમારી તમારો મિજાજ ખરાબ કરી મુકશે. તેને આ બીમારીમાંથી બહાર નીકળવા માટે તમારો પ્રેમ અને લાગણી આપી તેનો મિજાજ બદલવામાં મદદ કરો પ્રેમમાં લોકોને સાજા કરવાની ગજબની શક્યતા રહેલી છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે શરીરમાં કળતર તથા તાણને લગતી સમસ્યાઓની શક્યતા નકારી શકાય નહીં. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે. રૉમેન્ટિક પ્રભાવ આજે ખૂબ જ પ્રબળ હોવાની શક્યતા છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમારા ચહેરા પર નિરંતર સ્મિત રહેશે અને અજાણ્યા લોકો પણ ઓળખીતા લાગશે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે. પણ ગુસ્સે થવાની જરૂર નથી અન્યથા પરિસ્થિતિ હાથની બહાર જઈ શકે છે. યાદ રાખો તમે જે બાબતનો ઈલાજ કરી શકતા નથી તેને સહન કરવું રહ્યું. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. મિત્રની કોઈ સમસ્યા તમને ખરાબ લગાડી શકે છે અથવા ચિંતાતુર કરી શકે છે. પ્રેમ તથા રૉમાન્સ તમને ખુશખુશાલ મૂડમાં રાખશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે? તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે. આજે રૉમેન્ટિક લાગણીનો એવો જ બદલો મળશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.

## ઈઝરાયેલ-હમાસ યુધ્ધના ૩૫ દિવસ થયા

# ગાઝામાં તબાહી જોઈને પશ્ચિમના દેશમાં યુધ્ધવિરામની માગ કરાઈ

### હમાસ સામેના યુદ્ધમાં ઈઝરાયલની સાથે જોવા મળતા ફ્રાન્સે પોતાનું વલણ બદલ્યું, ઇઝરાયેલને યુદ્ધવિરામ કરવાનો અભિપ્રાય

। પેરિસ, તા.૧૧ ।



મધ્ય પૂર્વમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અટકવાના સંકેત હાલ દેખાઈ રહ્યા નથી અને દિવસેને દિવસે યુદ્ધ વધુ ઉગ્ર બની રહ્યું છે ત્યારે એવામાં ફ્રાંસ દ્વારા યુદ્ધવિરામ માટેની પહેલ કરવામાં આવી છે. ફ્રાંસે જણાવ્યું કે, ગાઝામાં નિર્દોષ બાળકો અને નાગરિકોની હત્યા થઈ રહી છે માટે ઈઝરાયેલે યુદ્ધવિરામ કરી દેવું જોઈએ. હમાસ સામેના યુદ્ધમાં ઈઝરાયલની સાથે જોવા મળતા ફ્રાન્સે પોતાનું વલણ બદલ્યું છે. જોકે ઈઝરાયલએ યુદ્ધવિરામ પર પહેલેથી જ પોતાનો નિર્ણય જણાવી દીધો છે. અગાઉ ઈઝરાયલના પીએમ નેતન્યાહુએ જણાવ્યું કે, જો તેઓ યુદ્ધવિરામ કરશે તો તે આત્મસમર્પણ જેવું લાગશે. જ્યાં સુધી હમાસનો સંપૂર્ણ નાશ ન થાય ત્યાં સુધી તે યુદ્ધવિરામ થશે નહિ.ઈઝરાયેલે આજે બીજી વખત ગાઝા શહેરની અલ શિફા હોસ્પિટલ પર બોમ્બમારો કર્યો હતો. ઈઝરાયેલે કહ્યું કે, આ હોસ્પિટલ આતંકવાદીઓનું કમાન્ડ સેન્ટર બની ગયું હતું. હોસ્પિટલમાં ૨૨ લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે. ઈઝરાયેલ ચોક્કસપણે સંમત છે કે ગાઝાના લોકોને આવશ્યક ચીજવસ્તુઓ પહોંચાડવા માટે દરરોજ થોડા કલાકો માટે યુદ્ધવિરામ હોવો જોઈએ. ફ્રાંસે કહ્યું કે, માનવતાવાદી સહાય માટે યુદ્ધવિરામ જરૂરી છે. નિર્દોષોને બચાવવા માટે યુદ્ધવિરામ સિવાય બીજો કોઈ રસ્તો નથી.ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યદ્ધનો આજે ૩૫મો દિવસ છે અને અત્યાર સુધીમાં અનેક લોકએ જીવ ગુમાવ્યા છે જ્યારે ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે ત્યારે ઈઝરાયેલની સેના આઈડીએફએ ગાઝામાં હમાસના નક્બા યુનિટના અનેક આતંકવાદીઓને માર્યા હોવાનો દાવો કર્યો છે. માર્યા ગયેલા આતંકવાદીઓમાં હમાસના નક્બા યુનિટના કમાન્ડર અહેમદ મુસા અને પશ્ચિમી જબાલિયા સ્થિત આતંકવાદી પ્લાટૂનના કમાન્ડર ઓમર અલહંદીનો સમાવેશ થાય છે.

## કોંગ્રેસે કેન્દ્રીય એજન્સીઓની કાર્યવાહી અટકાવવા માગ કરી

# ચૂંટણી સમયે પણ પંચ કેન્દ્રીય એજન્સીઓની કાર્યવાહી ન રોકી શકે

### ચૂંટણી પંચને કલમ ૩૨૪ હેઠળ સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીના હિતમાં નિર્દેશ આપવાની સત્તા છતાં એજન્સીઓની કાર્યવાહી ન રોકી શકે

। નવી દિલ્હી, તા.૧૧ ।

રાજસ્થાન, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, તેલંગાણા અને મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ રહી છે. આવા સમયે કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે કેન્દ્રની ભાજપ સરકારના ઈશારે સેન્ટ્રલ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) વિપક્ષી નેતાઓ સામે કાર્યવાહી કરી રહી છે. આ પક્ષોએ ચૂંટણી પંચને કેન્દ્રીય એજન્સીઓ પર લગામ લગાવવાની માંગ કરી છે. હવે નિયમ એવો છે કે ચૂંટણી સમયે વૈધાનિક સત્તાઓ ચૂંટણી પંચના હાથમાં હોય છે. તો શું પંચ કેન્દ્રીય એજન્સીઓને પગલાં લેવાથી રોકી શકે છે? જોઈએ વિગતવાર.

એક અહેવાલ મુજબ ચૂંટણી પંચ કેન્દ્રીય એજન્સીઓને બંધારણીય ધોરણો પ્રમાણે કામ કરતા રોકી શકે નહીં. કાનૂની નિષ્ણાત દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ઈન્ટેલીજન્સ ઈન્ફોર્મેશન એકઠી કરવી, તપાસની લીડ્સ શોધવી અને જપ્તી, એફઆઈઆર નોધવી અને ધરપકડ કરવી, આઈપીસી, સીઆર પીસી અને એવિડન્સ એક્ટ જેવા ગુનાહિત કોડ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

## દિલ્હીમાં ૨.૬ની તીવ્રતાનો ભૂકંપ નો આંચકો અનુભવાયો

। નવી દિલ્હી, તા.૧૧ ।

દિલ્હીમાં ફરી એકવાર ભૂકંપના આંચકા અનુભવાયા છે. શનિવારે બપોરે ૩:૩૬ વાગ્યાની આજુબાજુ આ ભૂકંપ આવ્યો હોવાનો અહેવાલ છે. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૨.૬ મપાઈ હતી. માહિતી અનુસાર પ્રદૂષણના સકંજામાં ફસાયેલી દિલ્હીમાં દિવાળી જેવા પર્વના ટાણે લોકો તહેવારની તૈયારીમાં લાગેલા હતા ત્યાં ભૂકંપના હળવા આંચકાએ પણ લોકોમાં ભયનો માહોલ ફેલાવ્યો હતો. આંચકો એવો હતો કે લોકો ડરને લીધે ઘરની બહાર દોડી આવ્યા હતા. હાલ કોઈ પણ પ્રકારની જાનહાનિના અહેવાલ આવ્યા નથી. ઉલ્લેખનીય છે કે અગાઉ ૬ નવેમ્બરે પણ દિલ્હી-એનસીઆરમાં ભૂકંપના ભારે આંચકા અનુભવાયા હતા. ત્યારે રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૬ મપાઈ હતી. ભૂકંપનું કેન્દ્ર ત્યારે નેપાળમાં હતું.

# કેનેડામાં ભારતીય મૂળના શીખ અને તેના ૧૧ વર્ષના પુત્રની ગોળી મારીને હત્યા

### ૪૧ વર્ષીય હરપ્રીત સિંહ ઉપ્પલ અને તેમના પુત્રને ગુરુવારે બપોરે ગેસ સ્ટેશનની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી

। એડમોન્ટન, તા.૧૧ ।



કેનેડાના એડમોન્ટનમાં ભારતીય મૂળના એક શીખ વ્યક્તિ અને તેના ૧૧ વર્ષના પુત્રની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. એડમોન્ટન પોલીસ સર્વિસના કાર્યકારી અધિક્ષક કોલિન ડેર્કસેને શુક્રવારે મીડિયાને જણાવ્યું હતું કે, ૪૧ વર્ષીય હરપ્રીત સિંહ ઉપ્પલ અને તેમના પુત્રને ગુરુવારે બપોરે ગેસ સ્ટેશનની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. છોકરાનો યુવાન મિત્ર, જે તે સમયે ઉપ્પલની કારમાં હતો, તે કોઈપણ શારીરિક ઈજા વિના બચી ગયો. ડેર્કસેને જણાવ્યું હતું કે પોલીસ જાણતી નથી કે હુમલાખોરને ખબર હતી કે જ્યારે તેણે ઉપ્પલનો પીછો કરવાનું શરૂ કર્યું ત્યારે કારમાં બાળકો હતા કે કેમ. પોલીસના જણાવ્યા અનુસાર આ મામલો ગેંગ વોર સાથે જોડાયેલો છે.

ડર્કસેને કહ્યું કે આ એક બીમાર અને વિકૃત માનસિકતા છે. પરંતુ દુઃખદ વાત એ છે કે જ્યારે શૂટરને ખબર પડી કે તેનો પુત્ર ત્યાં છે, ત્યારે તેઓએ જાણીજોઈને ગોળી મારીને તેને મારી નાખ્યા. તેણે કહ્યું કે બાળકોને મારવા એ કાયરતા ભર્યુ પગલું હતું. જેને ગેંગવોરના સભ્યો પહેલા પાર નહોતા કરતા પરંતુ તે હવે બદલાઈ રહ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, ઉપ્પલ પર કોકેઈન રાખવા અને માનવ તસ્કરીનો આરોપ હતો. સીબીસી ન્યૂઝે અહેવાલ આપ્યો છે કે ઉપ્પલ સામેની સુનાવણી એપ્રિલ ૨૦૨૪માં શરૂ થવાની હતી. તેના પર માર્ચ ૨૦૨૧માં હથિયાર વડે હુમલો કરવાનો અને હથિયાર રાખવાનો પણ આરોપ મૂકવામાં આવ્યો હતો. ક્રાઉન ફેબ્રુઆરીમાં તે કાર્યવાહી રોકી હતી. જો કે, ડર્કસેને એ કહેવાનો ઈનકાર કર્યો હતો કે શું પોલીસ માને છે કે ગોળીબાર હિંસાના પ્રતિભાવ તરીકે અપેક્ષિત છે. સૂત્રોએ પોસ્ટમીડિયાને જણાવ્યું છે કે ઉપ્પલ બ્રધર્સ કીપર્સનો મુખ્ય સહયોગી હતો.







## ઉ.કોરિયાએ અનેક દેશમાં દૂતાવાસ બંધ કરી દીધા

। પ્યોંગયાંગ , તા.૧૧ ।

ઉત્તર કોરિયા ચીન અને રશિયા જેવા તેના પરંપરાગત મિત્રો સાથે મિત્રતા ગાઢ બનાવી રહ્યું છે. એવામાં એવી માહિતી મળી રહી છે કે, આ દેશમાં પૈસાને લઈ અછત સર્જાઈ છે. તેની અસર તેના વિદેશી દૂતાવાસો પર પણ જોવા મળી રહી છે. નાણાંની અછતથી ઝઝૂમી રહેલા ઉત્તર કોરિયાએ વિદેશી હાજરીમાં કાપ મૂકવો પડ્યો છે. ખરાબ અર્થવ્યવસ્થાએ દેશની કમર તોડી નાખી છે.

# ઈઝરાયેલે હુનક્બા યુનિટના કમાન્ડર તેમજ પ્લાટૂનના કમાન્ડરને ઠાર કર્યા

। જેરૂસલેમ, તા.૧૧ ।

મધ્ય પૂર્વમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અટકવાના સંકેત હાલ દેખાઈ રહ્યા નથી અને દિવસેને દિવસે યુદ્ધ વધુ ઉગ્ર બની રહ્યું છે ત્યારે આઈડીએફએ ગાઝામાં હમાસના નક્બા યુનિટના અનેક આતંકવાદીઓને માર્યા હોવાનો દાવો કર્યો છે. જેમા હુનક્બા યુનિટના કમાન્ડર તેમજ પ્લાટૂનના કમાન્ડરનો પણ સમાવેશ થાય છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યદ્ધનો આજે ૩૫મો દિવસ છે અને અત્યાર સુધીમાં અનેક લોકએ જીવ ગુમાવ્યા છે જ્યારે ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે ત્યારે ઈઝરાયેલની સેના આઈડીએફએ ગાઝામાં હમાસના નક્બા યુનિટના અનેક આતંકવાદીઓને માર્યા હોવાનો દાવો કર્યો છે. માર્યા ગયેલા આતંકવાદીઓમાં હમાસના નક્બા યુનિટના કમાન્ડર અહેમદ મુસા અને પશ્ચિમી જબાલિયા સ્થિત આતંકવાદી પ્લાટૂનના કમાન્ડર ઓમર અલહંદીનો સમાવેશ થાય છે.આ ઉપરાંત અન્ય એક ઓપરેશનમાં આઈડીએફ રિઝર્વે ૧૯ હમાસ આતંકવાદીઓને ઠાર માર્યા હતા.







## મુસ્લિમ દાદા દાદી આખું વર્ષ દિવાળી અને કરવા ચોથની રાહ જોઈને બેસે છે

। નવી દિલ્હી, તા.૧૧ ।

દિવાળી કોઈ એક ધર્મનો તહેવાર ન કહી શકાય. એ તો સામૂહિક તહેવાર છે. ત્યારે રાજૌરીમાં એક વયોવૃદ્ધ મુસ્લિમ સજ્જન વ્યક્તિ સંવાદિતાનો સંદેશ ફેલાવી રહ્યા છે. આ કામ તેઓ આજકાલથી નહીં પણ ઘણા વર્ષોથી કરતાં આવે છે. દાયકાઓથી તેઓ કરવાચૌથ અને દિવાળીના તહેવાર માટે દિવ્ય તૈયાર કરતાં હોય છે અને લોકોમાં વેચતા હોય છે. જમ્મુ અને કાશ્મીરના રાજૌરી શહેરમાંથી ૭૦ વર્ષનાં એક વૃદ્ધ વ્યક્તિ સાંપ્રદાયિક સૌહાર્દ અને ભાઈચારાનો સંદેશ ફેલાવી રહ્યા છે કારણ કે તે વર્ષોથી દિવ્ય બનાવીને વેચી રહ્યા છે. હિંદુ મહિલાઓ દ્વારા કરવાચૌથ અને દિવાળી જેવા તહેવારોમાં તેઓનાં બનાવેલ દિવડાઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ વ્યક્તિ કરવાચૌથ અને દિવાળી જેવા તહેવારોની આતુરતાથી રાહ જોતાં હોય છે અને તે પણ સાવ પોસાય એવા અને નજીવા કહેવાય એવા દરે દીવા વેચે છે. અબ્દુલ અઝીઝનો પુત્ર મોહમ્મદ હુસૈન (૭૦) રાજૌરીનાં રહેવાસી છે. તેમની પત્ની આસિયા ખાતૂન પણ દાયકાઓથીઆ વ્યવસાયમાં કામ કરી રહી છે અને વૃદ્ધ દંપતીને કોઈ સંતાન ન હોવાથી બે જણના પરિવારનું ભરણપોષણ કરવા માટે આ જ તેમની આવકનો એકમાત્ર સ્રોત છે. મોહમ્મદ હુસૈને પોતે પણ ટ્યુમરની સમસ્યાથી પીડિત હોવાનું જણાવ્યું હતું.






### મેટ્રો રેલ વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો

# દિવાળીના દિવસે મેટ્રો ટ્રેનના સમયમાં કરવામાં આવ્યો ઘટાડો

### દિવાળીના દિવસે મેટ્રો ટ્રેન રાત્રીના સમયે ત્રણ કલાક ઓછા દોડશે

### મેટ્રો ટ્રેન સવારે ૬.૨૦ કલાકથી સાંજે ૭ કલાક સુધી જ દોડશે

। અમદાવાદ, તા.૧૧ ।

મુસાફરોના ભારે ધસારા વચ્ચે પણ મેટ્રો રેલ વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદમાં દિવાળીના દિવસ માટે મેટ્રો ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. દિવાળીના દિવસે મેટ્રો ટ્રેનના સમયમાં ઘટાડો કરવામાં આવ્યો છે. દિવાળીના દિવસે ત્રણ કલાક વહેલા મેટ્રો ટ્રેન સેવા બંધ કરાશે.અમદાવાદમાં ચાલતી મેટ્રો ટ્રેન હવે મુસાફરોથી ધમધમે છે. જો કે મુસાફરોના ભારે ધસારા વચ્ચે પણ મેટ્રો રેલ વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદમાં દિવાળીના દિવસ માટે મેટ્રો ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. દિવાળીના દિવસે મેટ્રો ટ્રેનના સમયમાં ઘટાડો કરવામાં આવ્યો છે. દિવાળીના દિવસે ત્રણ કલાક વહેલા મેટ્રો ટ્રેન સેવા બંધ કરાશે.

દિવાળીના દિવસે મેટ્રો ટ્રેન રાત્રીના સમયે ત્રણ કલાક ઓછા દોડશે. મેટ્રો ટ્રેન સવારે ૬.૨૦ કલાકથી સાંજે ૭ કલાક સુધી જ દોડશે. મુસાફરો અને મેટ્રો રેલવેની સુરક્ષાને ધ્યાને રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. ફટાકડા ફોડવાના સમયે કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

નૂતન વર્ષાભિનંદન
હિતેશકુમાર રસિકલાલ ગાંધી
અને મારા પરિવાર તરફથી
આપ સર્વેને દિવાળી તથા
નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ...
કેશિયર - અર્બન બેંક

દિવાળી/નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ
દિલીપકુમાર બદામીલાલ શાહ
અંકિતકુમાર ડી. શાહ ૯૪૨૭૦૭૮૯૦૦
અનાજ કરીયાણાના હોલસેલ તથા છુટક વેપારી
દિલીપકુમાર બી. શાહ ૯૪૨૭૦૭૮૭૭૭
ડીલર Amul The Taste of India
આઈસ્કીમ, ઘી, પનીર, બટર તેમજ અમુલની તમામ આઈટમ મળશે
Nestle Maggi નેશલે ની તમામ આઈટમ મળશે
મેઈન બજાર, સંતરામપુર - ૩૮૯ ૨૬૦

દિવાળી/નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ
અવતાર હોસ્પિટલ
ડો. આર.કે. ત્રિવેદી
એમ.બી.બી.એસ., ડી.જી.ઓ.
ગાયનેકોલોજીસ્ટ, રજી. નં. : જી-૧૯૩૬૭
કોલેજ રોડ, સંતરામપુર, જી, મહિસાગર (૩૮૯ ૨૬૦)

નૂતન વર્ષાભિનંદન
પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંકડી
મેડિકલ ઓફિસર શ્રી
વાંકડી તેમજ તમામ સ્ટાફ તરફથી
નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ
તાલુકો સંતરામપુર, જિલ્લો મહીસાગર

FOUNDER
સ્વ. કમલેશભાઈ વાડીલાલ મોદી
રાયપુરના ૭૦ વર્ષ જુના અને જાણીતા
SALE UP TO 50% OFF
અંબિકા ફટાકડા
શિવરંજની BRTSની સામે સેટેલાઈટ
સિંધુભવન રોડ ટાઈમ સ્કવેર ચાર રસ્તા પાસે, યુનાઈટેડ ફુડ કોર્ટની સામે
રવાણી ફાર્મ સોબો સેન્ટરની બાજુમાં, સાઉથ બોપલ
આ સિવાય અમારી બીજી કોઈ શાખા નથી
શિવાકાશીના બ્રાન્ડેડ કંપનીના ફટાકડા
"STANDARD" FIREWORKS CORNATION SONY

દિવાળી/નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ
ડો. બી.કે. પટેલ એમ.બી., ડી.જી.ઓ., રજી. નં. : ૯૫૭૩
શ્રધ્ધા હોસ્પિટલ
પ્રસુતિગૃહ અને સર્જીકલ નર્સિંગ હોમ
સોનોગ્રાફી, લેપ્રોસ્કોપી સેન્ટર
કોલેજ રોડ, સંતરામપુર, જી, પંચમહાલ

"નૂતન વર્ષાભિનંદન"
દેવસત્ય હોસ્પિટલ
ક્રિટીકલ કેર સેન્ટર
ડો. જીગ્નેશ પટેલ એમ.ડી. (મેડીસીન)
દરરોજ સવારે ૧૦ થી ૨ અને સાંજે ૪ થી ૮
સ્થળ : શ્રધ્ધા હોસ્પિટલની સામે, કોલેજ રોડ, સંતરામપુર

નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ
શ્રી યતીન આર. મહેતા તથા સમસ્ત પરિવાર
નવા બજાર - સંતરામપુર
નવુ વર્ષ આપ સર્વે માટે યશસ્વી, પ્રગતિમય તથા નીરોગી રહે તેવી શુભેચ્છા

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચિતવા
મેડિકલ ઓફિસર શ્રી
ચીતવા તેમજ તમામ સ્ટાફ તરફથી
નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ
નૂતન વર્ષાભિનંદન
તાલુકો સંતરામપુર, જિલ્લો મહીસાગર

નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ
માતા અને બાળકો સારવાર કેન્દ્ર
સાવિત્રીબેન હોસ્પિટલ
૨૪X૭ તત્કાલ સુવિધા ઉપલબ્ધ
ડો. ધ્રુવલ ભાવસાર
એમબીબીએસ, એમએસ (ઓબીએસ. એન્ડ ગાયને.)
પ્રસૂતિ અને સ્ત્રીરોગ નિષ્ણાંત
ડો. સેજલ ભાવસાર
એમબીબીએસ, ડીએનબી (પેડીયાટ્રીક્સ)
માતા અને બાળરોગોના નિષ્ણાંત
● ગર્ભાશયની સંપૂર્ણ ચકાસણી
● નોર્મલ, દુખાવો રહિત નોર્મલ અને
● સિઝેરિયન, ડિલીવરીની સુવિધા
● સ્ત્રીરોગ અને ગર્ભાશયના કેંસરનું ઈલાજ
● સરકાર માન્ય ગર્ભપાત કેન્દ્ર
● ૩ડી અને ૪ડી સોનોગ્રાફી અને કલર ડોપલર
● પરિવાર નિયોજનના ઓપરેશનની સુવિધા
● ગર્ભાશયના ઓપરેશનની સુવિધા
● નવજાત બાળક માટે કાંચની પેટીની સુવિધા
● બાળક સારવાર માટેની સુવિધા
● ફોટોથેરાપીની સુવિધા
● ટીકાકરણની સુવિધા
● ટાઈફોઈડ, મલેરીયા, ડેંગ્યુ ન્યૂમોનિયાની સારવાર
● પીલીયાની સારવાર
● લેબોરેટરીની સુવિધા
● તમામદવાઓની સુવિધા
● સ્પેશ્યિલ રૂમની સુવિધા (એસી અને નોન એસી)
● ઓપીડીનો સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૭
બેન્ક ઓફ બરોડાની બાજુમાં, કોલેજ રોડ, સંતરામપુર - ૩૮૯ ૨૬૦ ફોન નં. ૦૨૬૭૫ - ૨૯૬૯૦૦, મોબાઈલ નં. ૯૯૦૯૮ ૯૯૯૦૧

"નૂતન વર્ષાભિનંદન"
એગ્રો સર્વિસ સેન્ટર (ગુજરાત સરકાર માન્ય)
દરેક પ્રકારના બિયારણ, જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરના વિક્રેતા...
લુણાવાડા રોડ, સંતરામપુર, જિ. મહીસાગર
પ્રો. નરેન્દ્ર કે. પટેલ
ચેરમેન :- ધી સંતરામપુર અર્બન કો. ઓ બેંક લી. - સંતરામપુર
માજી પ્રમુખ નગર પાલિકા, સંતરામપુર

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !
CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ
CNN CHANNEL NINE NETWORK GUJARAT Gujarati Daily News Paper
LIVE cnngujarat.co.in
આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨